dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 183 | AD - 2025, Chaitra Sud -11 | Tuesday, Dt.08-04-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## મોંઘવારીનો ડામ : એલપીજી ગેસ સિલિન્ડરમાં રૂા.૫૦નો વધારો ઝીંકાયો

નવીદિલ્હી,તા.૦૭

એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ માહિતી આપી છે. તેમણે કહ્યું કે એલપીજીના ભાવમાં વધારો ઉજ્જવલા અને સામાન્ય ગ્રાહકો



બંને માટે હશે. એટલે કે હવે તમારે ગેસ સિલિન્ડર માટે ૮૦૩ રૂપિયાને બદલે ૮૫૩ રૂપિયા ચૂકવવા પડશે. જ્યારે ઉજ્જવલા યોજના હેઠળ સિલિન્ડર મેળવવા માટે ૫૫૦ રૂપિયા ચૂકવવા પડશે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું, 'એલપીજીના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૫૦ રૂપિયાનો વધારો થશે.' ૫૦૦ રૂપિયાથી વધીને ૫૫૦ રૂપિયા (પીએમયુવાય લાભાર્થીઓ માટે) થશે અને અન્ય લોકો માટે ૮૦૩ રૂપિયાથી વધીને ૮૫૩ રૂપિયા થશે. આ એક પગલું છે જેની અમે આગળ વધતાં સમીક્ષા કરીશું. આ એક્સાઈઝ ડ્યુટીમાં વધારો ઓઈલ માર્કેટિંગ કંપનીઓને ગેસ સેગમેન્ટમાં થયેલા ૪૩,૦૦૦ કરોડ રૂપિયાના નુકસાનની ભરપાઈ કરવાનો છે.

### પેટ્રોલ-ડીઝલ પર એક્સાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર રૂા.૨નો વધારો, ગ્રાહકોને લાગુ નહી પડે

સરકારે સોમવારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. રાહતની વાત એ છે કે એક્સાઇઝ ડ્યુટીમાં વધારાને કારણે સામાન્ય લોકો પર કોઈ વધારાનો બોજ નહીં પડે. વૈશ્વિક સ્તરે તેલના ભાવમાં ચાલી રહેલા ઉતાર-ચઢાવ અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા બદલો લેવાના ટેરિફની જાહેરાત વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલના નવા ભાવ ૮ એપ્રિલથી લાગુ થશે. સરકાર તરફથી એક સત્તાવાર આદેશ જારી કરીને આ માહિતી આપવામાં આવી છે. સરકારે સોમવારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૨ રૂપિયાનો વધારો કર્યો છે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે પેટ્રોલ પર એક્સાઇઝ ડ્યુટીમાં પ્રતિ લિટર ૧૩ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

### સેન્સેક્સ ૨,૨૨૬.૭૯ પોઈન્ટ અને નીફ્ટી ૭૪૨.૮૫ પોઈન્ટના ઘટાડા સાથે બંધ

## શેરબજાર કડડભૂસ... એક ઝટકામાં રોકાણકારોએ ૧૬ લાખ કરોડ ગુમાવ્યા

મુંબઇ,તા.૦૭

સોમવારે ઘરેલુ શેરબજારમાં હલચલ જોવા મળી હતી. એક જ ઝટકામાં અને એક જ સત્રમાં રોકાણકારોએ ૧૬ લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. મુંબઈ સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક સેન્સેક્સ કારોબારના અંતે ૨,૨૨૬.૭૯ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૭૩,૧૩૭.૯૦ ના સ્તરે બંધ થયા હતો. એ જ રીતે, નિફ્ટી પણ ૭૪૨.૮૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૧૬૧.૬૦ ના સ્તરે બંધ થયો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ વધારા અને ચીન દ્વારા બદલો લેવાના નિર્ણય બાદ વૈશ્વિક બજારોમાં ગભરાટ ફેલાયો છે, જેના કારણે આર્થિક મંદીની આશંકા વધી ગઈ છે. તેની જબરદસ્ત અસર બજાર પર જોવા મળી. સમાચાર અનુસાર, ટાટા સ્ટીલના શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો, જેમાં ૭.૩૩ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે લાર્સન એન્ડ ટુબ્રોના શેરમાં સૌથી વધુ ઘટાડો થયો હતો, જેમાં ૫.૭૮ ટકાનો ઘટાડો થયો હતો. ટાટા મોટર્સ, કોટક મહિન્દ્રા બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઈન્ફોસિસ, એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચસીએલ ટેક્નોલોજીસ અને એચડીએફસી બેંક અન્ય મોટા ઘટાડાનો સામનો કરી રહ્યા હતા. હિન્દુસ્તાન યુનિલિવર નજીવા વધારા સાથે બંધ થયો હતો. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે યુએસના ઊંચા ટેરિફ અને અન્ય દેશો દ્વારા બદલો લેવાની આશંકાથી



વેપાર યુદ્ધ શરૂ થઈ શકે છે, જેના કારણે બજારમાં ઘટાડો થયો હતો. આઈટી અને મેટલ્સ જેવા ક્ષેત્રોએ વ્યાપક બજારની તુલનામાં નબળો દેખાવ કર્યો છે કારણ કે ઊંચા ફુગાવાના જોખમ સાથે ધીમી વૃદ્ધિ પણ થઈ શકે છે, જે યુએસમાં સંભવિત મંદી તરફ દોરી શકે છે. એશિયન બજારોમાં, હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ ૧૩ ટકાથી વધુ ઘટ્યો, ટોક્યોનો નિક્કી ૨૨૫ લગભગ ૮ ટકા, શાંઘાઈ એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ ૭ ટકાથી વધુ ઘટ્યો અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫ ટકાથી વધુ ઘટ્યો હતો. યુરોપિયન બજારો પણ ભારે વેચવાલી દબાણ હેઠળ રહ્યા અને ૬ ટકા સુધીના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો તીવ્ર ઘટાડા સાથે બંધ થયા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી ટેરિફની જાહેરાત બાદ દુનિયાભરના બજારોમાં ભારે કોહરામ મચ્યો છે. અમેરિકી બજારોમાં સતત ત્રણ દિવસથી જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો અને અમેરિકામાં આવેલા આ કડાકામાં એશિયન બજારોનું પણ ધોવાણ થઈ રહ્યું છે. એટલે કે હવે જે વાતનો ડર હતો એ થઈ રહ્યું છે. એશિયન બજારોમાં તગડા ઘટાડાની અસર સપ્તાહના પહેલા દિવસે સોમવારે ભારતીય બજારો પર જોવા મળી રહી છે. બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ અને નિફ્ટી તૂટ્યા. ભારતીય શેરબજારે ઘણી સુવર્ણ ક્ષણો જોઈ છે, પરંતુ તેના ઈતિહાસમાં કેટલાક કાળા દિવસો પણ નોંધાયા છે, જ્યારે સેન્સેક્સમાં ભારે ઘટાડો થયો છે. વૈશ્વિક કટોકટીથી લઈને સ્થાનિક અનિશ્ચિતતા સુધી, આ ઘટનાઓએ રોકાણકારોને આઘાતની સ્થિતિમાં મૂકી દીધા છે.

## મુસ્લિમો ત્યારે જ RSSમાં જોડાઈ શકે છે જ્યારે તેઓ ભગવા ધ્વજનું સન્માન કરે : મોહન ભાગવત

બનારસ,તા.૭

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત ૪ દિવસની બનારસની મુલાકાતે છે. આ સમયગાળા દરમિયાન તેમણે ઘણા કાર્યક્રમોમાં ભાગ લીધો. તેઓ લાજપત નગર પહોંચ્યા હતા. જ્યાં તેમના દ્વારા આપવામાં આવેલું એક નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે. અહીં સંઘના વડાએ કહ્યું કે મુસ્લિમો ફક્ત ત્યારે જ આરએસએસમાં જોડાઈ શકે છે જો તેઓ ભારત માતા કી જયના નારા અને ભગવા ધ્વજનું સન્માન કરે. બનારસમાં, આરએસએસ વડાએ કહ્યું કે પૂજા પદ્ધતિના આધારે સંઘની વિચારધારામાં કોઈ ભેદભાવ નથી. તેમણે કહ્યું કે ભારતના તમામ સંપ્રદાયો, સમુદાયો અને જાતિના લોકોનું



સંઘની શાખાઓમાં સ્વાગત છે, સિવાય કે જેઓ પોતાને ઔરંગઝેબના વંશજ માને છે. તેમણે કહ્યું કે સંપ્રદાય, જાતિ અને સંપ્રદાયની પૂજા પદ્ધતિઓ અલગ અલગ છે, પરંતુ સંસ્કૃતિ એક છે. સત્ર દરમિયાન, એક સ્વયંસેવકે સંઘના વડાને પૂછ્યું કે શું તેઓ તેમના પડોશીઓ, જે મુસ્લિમ છે, તેમને શાખામાં આમંત્રણ આપી શકે છે અને લાવી શકે છે. સ્વયંસેવકના પ્રશ્નના જવાબમાં, સંઘના વડાએ કહ્યું કે ભારત માતા કી જય કહેનારા અને ભગવા ધ્વજનું સન્માન કરનારા બધા લોકો માટે શાખાઓના દરવાજા ખુલ્લા છે. સંઘની વિચારધારામાં પૂજા પદ્ધતિના આધારે કોઈ ભેદભાવ નથી. તેમણે કહ્યું કે સંઘની શાખાઓમાં બધા ભારતીયોનું સ્વાગત છે, સિવાય કે જેઓ પોતાને ઔરંગઝેબના વંશજ માને છે. તેમણે એમ પણ કહ્યું કે ભારતના તમામ સંપ્રદાયો, સમુદાયો અને જાતિના લોકોનું સંઘની શાખાઓમાં સ્વાગત છે.

ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણની વિશાળ રેન્જ
Panasonic | SAMSUNG | LG | DAIKIN | VOLTAS
Cruise | DHARA | Haier | BLUE STAR | LLOYD
IFB | TCL | HITACHI Inspire the Next | Whirlpool
તમામ કંપનીના A/C, વોશીંગ મશીન, ફ્રિજ, ટી.વી. ઘરઘંટી, હાજરમાં ઉપલબ્ધ
શિવ ઈલેક્ટ્રોનિક્સ
દુ. નં. ૩-૪, ટાઉનહોલ શોપીંગ, અમરેલી જિલ્લા મદયસ્થ સહકારી બેંકની સામે, અમરેલી. મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨

કમ્પ્યુટર શિક્ષકો જોઈએ છે
(જગ્યા - ૨)
વિષયઃ અમરેલીની અગ્રગણ્ય સ્કૂલ માટે કમ્પ્યુટર શિક્ષક (ગુજરાતી માધ્યમ)
(બીસીએ, એમસીએ, ડિપ્લોમા/ડિગ્રી એન્જિનિરીંગ કે સાયન્સમાં ડિગ્રી ધરાવનાર, કે કમ્પ્યુટરના જાણકાર)
અનુભવ : બિન અનુભવી કે ૧ વર્ષનો અનુભવ
(આકર્ષક પગાર ધોરણ)
સ્થળ : અમરેલી
સંપર્ક કરો : ૭૦૧૬૦૧૭૨૧૭/૭૨૦૧૦૧૬૯૭૪

## પ્રયાગરાજમાં રામનવમી પર યુવાનોએ ગાઝી મિયાં દરગાહની છત પર ચઢી ભગવો ફરકાવ્યો



પ્રયાગરાજ,તા.૭

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં રામનવમીના અવસર પર કેટલાક યુવાનો ગાઝી મિયાં દરગાહની છત પર ચઢી ગયા હતા અને ભગવો ધ્વજ ફરકાવ્યો હતો. આ પછી, વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ કિસ્સામાં, અધિકારીઓએ કહ્યું છે કે તે સમયે ફરજ પર તૈનાત પોલીસકર્મીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવામાં આવશે. વિસ્તારમાં શાંતિ અને વ્યવસ્થા જળવાઈ રહે છે. વાતાવરણ બગાડનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ગાઝી મિયાંની દરગાહ પર ધ્વજ ફરકાવનારા યુવાનોનું નેતૃત્વ માનેન્દ્ર પ્રતાપ સિંહ નામના યુવકે કર્યું હતું. માનેન્દ્રએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કર્યો છે જેમાં ધ્વજ ફરકાવવાનું કારણ સમજાવવામાં આવ્યું છે. તેમજ, ગાઝી મિયાંની કથિત કબરને ત્યાંથી દૂર કરવા માટે વહીવટીતંત્રને અપીલ કરવામાં આવી છે. પ્રયાગરાજમાં રામનવમીના અવસર પર, માનેન્દ્ર પ્રતાપ સિંહના નેતૃત્વમાં ૨૦ કે તેથી વધુ લોકો જિલ્લા મુખ્યાલયથી ૪૦ કિમી દૂર સિકંદરા વિસ્તારમાં સ્થિત આ દરગાહ પર પહોંચ્યા અને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. યુવાનો દિવાલોની મદદથી દરગાહની છત પર ચઢી ગયા. ત્યાં, તેઓએ ગુંબજ પાસે ભગવો ધ્વજ લહેરાવતા સૂત્રોચ્ચાર કર્યા. યુવા માનેન્દ્ર પ્રતાપ સિંહે પોતાને સંઘ અને ભાજપનો કાર્યકર ગણાવ્યો છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્રોફાઈલમાં પોતાને અલ્હાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી નેતા તરીકે પણ વર્ણવ્યો છે. તે અલ્હાબાદના સહસોમાં રહે છે. થોડા દિવસો પહેલા, માનેન્દ્રે તેમના સમર્થકો સાથે પ્રયાગરાજના ડીએમ અને પોલીસ કમિશનરને એક મેમોરેન્ડમ આપ્યું હતું.

Care is our culture
AIMS -એઈમ્સ
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
ડૉ. ડી. એસ. રાજુ MBBS, MD, DrNB (CARDIOLOGY)
હૃદયરોગ નિષ્ણાંત એઈમ્સ હોસ્પિટલ - અમરેલી
બહોળો અનુભવ ભુતપુર્વ કાર્ડિયોલોજિસ્ટ એપોલો હોસ્પિટલ, ચેન્નાઈ નોબલ હાર્ટ કેર, કેરળ
સ્પેસિયલ ઈન્ટરેસ્ટ
૧) 24X7 ફુલટાઈમ ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ઉપલબ્ધ
૨) હૃદયનો 2D/3D ઈકો વીથ કલર ડોપ્લરની સુવિધા
૩) ડોબ્યુટેમાઈન સ્ટ્રેશ ઈકોની સુવિધા
૪) ટી.એમ.ટી. તથા ૨૪ કલાક એમ્બ્યુલેટરી બી.પી. મોનીટરીંગની સુવિધા
૫) HOLTER (હોલ્ટર)ની સુવિધા ઉપલબ્ધ
૬) હૃદયરોગ (હાર્ટ એટેક) વખતે કરાવવી પડતી એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટી(સ્પ્રિંગ/સ્ટેન્ટ મુકવું)
૭) પેસમેકર (હૃદયને ધબકતું રાખવાનું યંત્ર)ની સુવિધા ઉપલબ્ધ (ટેમ્પરરી તથા પરમેનન્ટ)
૮) હાર્ટ ફેલ્યોર, પલ્મોનરી એમ્બોલીઝમ વગેરે ગંભીર રોગોની સારવાર
*આયુષ્યમાન કાર્ડ ધારક લાભાર્થીને એન્જિયોગ્રાફી તથા એન્જિયોપ્લાસ્ટીની સુવીધા તદ્દન ફ્રી માં ઉપલબ્ધ છે.
GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે - સંપર્ક : 7610810857
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792222060 / 7610810827

શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર
શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.
• 6 Ltr. છાશ • દહીં
• શિખંડ • કેરીનો રસ
• બાસુંદી • ફ્રુટ સલાડ
નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે
Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
સૌથી શ્રેષ્ઠ પ્રોડકટ બનાવીએ છીએ....
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ્સ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
૧૪ વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૭૮૯૯૬૯૮૮

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૮-૦૪-૨૦૨૫

**સ્નાયુ ખેંચાવા, નબળાઈ, ચક્કર આવવા, માથાનો દુઃખાવો, ઉબકા આવવા અને વધુ પડતો પરસેવો થાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી**

# હીટવેવને લઈ અમરેલી જિલ્લા તંત્ર દ્વારા માર્ગદર્શિકા જાહેર

અમરેલી, તા.૦૭

ઉનાળાની શરૂઆત થતાં જ હીટવેવની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા લોકોને સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે. તંત્રએ હીટવેવ દરમિયાન શું કરવું અને શું ન કરવું તેની વિસ્તૃત માર્ગદર્શિકા જાહેર કરી છે, કારણ કે હીટવેવ માનસિક તાણ અને ગંભીર કિસ્સાઓમાં મૃત્યુ પણ નિપજાવી શકે છે. માર્ગદર્શિકા અનુસાર, લોકોએ દિવસ દરમિયાન પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું જોઈએ, ભલે તેમને તરસ ન લાગી હોય. શરીરને હાઈડ્રેટેડ રાખવા માટે ઓ.આર.એસ. દ્રાવણ, છાશ, લસ્સી અને લીંબુ પાણી જેવા પ્રવાહી પીણાંનું સેવન કરવાની સલાહ આપવામાં આવી છે. જે લોકો સૂર્યના સીધા તાપમાં કામ કરે છે તેમણે છત્રી, ટોપી, બુટ-ચપ્પલ અને ચશ્માનો ઉપયોગ કરવો જોઈએ, તેમજ માથા, ગળા અને ચહેરાને ભીના કપડાથી ઢાંકી રાખવા જોઈએ. હીટવેવની અસરથી સ્નાયુ ખેંચાવા, શરીર પર ફોલ્લીઓ થવી, નબળાઈ, ચક્કર આવવા, માથાનો દુઃખાવો, ઉબકા આવવા અને વધુ પડતો પરસેવો



થવો જેવા લક્ષણો જોવા મળી શકે છે. જો આવા કોઈ લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી જોઈએ. ઘરને ઠંડુ રાખવા માટે દિવસ દરમિયાન બારી-બારણાં બંધ રાખવા અને રાત્રે ખોલી નાખવા, તેમજ પંખા અને ભીના કપડાંનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. કામના સ્થળે ઠંડા પાણીની વ્યવસ્થા રાખવા અને કામદારો સીધા તડકામાં કામ ન કરે તેનું ધ્યાન રાખવું જોઈએ. ભારે કામ કરનારાઓએ ઠંડા પહોરમાં કામનું આયોજન કરવું જોઈએ અને બહાર કામ કરનારાઓએ વચ્ચે-વચ્ચે આરામ લેવો જોઈએ. માર્ગદર્શિકામાં શું ન કરવું તેની પણ યાદી આપવામાં આવી છે. બાળકો અને પાળેલા પ્રાણીઓને બંધ ગાડીમાં એકલા ન છોડવા, બપોરે ૧૨:૦૦ થી સાંજે ૦૫:૦૦ દરમિયાન તડકામાં જવાનું ટાળવું, ભડકાઉ રંગના અને ભારે કપડાં ન પહેરવા, ગરમીમાં રસોડામાં ઓછો સમય વિતાવવો, ચા-કોફી, આલ્કોહોલ અને કાર્બોનેટેડ પીણાં ન પીવા, તેમજ વધુ પ્રોટીનવાળો અને વાસી ખોરાક ન ખાવાની સલાહ આપવામાં આવી છે. અમરેલી જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલે લોકોને આ તમામ સૂચનાઓનું પાલન કરવા અને હીટવેવથી પોતાને અને પોતાના પરિવારજનોને બચાવવા અપીલ કરી છે.

## બુધવારે સાવરકુંડલા આરોગ્ય મંદિર ખાતે દંતયજ્ઞ અને બત્રીસી કેમ્પ યોજાશે

**દાંતના રોગીને તપાસી સારવાર અપાશે**

અમરેલી, તા.૦૭

સાવરકુંડલા અને આસપાસના ગામોની જાહેર જનતાના લાભાર્થે પ.પૂ. ધીરગુરૂદેવની પ્રેરણાથી વિદ્યાગુરૂ ફાઉ. સંચાલીત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર શ્રી વર્ધમાન ચેરી. ટ્રસ્ટ અને ડીવાઈન ચેરી. ટ્રસ્ટ રાજકોટ આયોજીત દંતયજ્ઞ અને બત્રીસી કેમ્પનું તા.૯ને બુધવારના સવારે ૯થી ૧ આરોગ્ય મંદિર, ખાદી કાર્યાલય કેમ્પસ, માર્કેટીંગ યાર્ડ રોડ, સાવરકુંડલા ખાતે આયોજન કરેલ છે. જેમાં દાંતના રોગીને તપાસી સારવાર અપાશે અને જે જરૂરીયાતમંદને દાંત જ નથી તેને દાંતનું ચોકઠું તદન ફ્રી બનાવી આપવામાં આવશે.

## જુની હળીયાદ ગામે ગેરકાયદે દબાણો દૂર નહી થાય તો જિ.પં.સદસ્યએ આપી આત્મવિલોપનની ચીમકી

બગસરા,તા.૦૭

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે ગામલોકો દ્વારા ૧૨૭ જેટલા દબાણો છેલ્લા ઘણા વર્ષોથી કરવામાં આવેલ છે. આ બાબતે જિલ્લા પંચાયત અમરેલીના સદસ્ય અને વિરોધ પક્ષના નેતા ચંદુભાઈ વાગડીયા દ્વારા છેલ્લા બે વર્ષથી તમામ દબાણ કરનાર



૧૨૭ વ્યક્તિઓના નામ સાથે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને અરજીઓ આપવામાં આવેલ છે. આ બાબતે ઉપલી કચેરીઓ દ્વારા ગ્રામ પંચાયતને તપાસ કરવા સૂચના આપવા છતાં ગ્રામ પંચાયત દ્વારા આ દબાણ દૂર કરવા માટે કોઈ પણ પ્રકારની કાર્યવાહી બે વર્ષ દરમિયાન કરવામાં આવેલ નથી. ગ્રામ પંચાયતે આ કાર્યવાહી ન કરવા છતાં પંચાયતના ચૂંટાયેલા સરપંચ સહિતના સભ્યો પર કોઈપણ પ્રકારની કાર્યવાહી જિલ્લા પંચાયત અમરેલી દ્વારા પણ કરવામાં ન આવતા આખરે ચંદુભાઈ વાગડીયા દ્વારા આગામી ૨૧ તારીખના રોજ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત ત્રણ પૈકી કોઈપણ કચેરી સામે આત્મવિલોપન કરવાની ચીમકી આપવામાં આવેલ છે.

## હરિદ્વારમાં પ.પૂ. સેવાદાસબાપાના પુણ્યતિથિ મહોત્સવમાં ભાજપ અગ્રણીઓની ઉપસ્થિતિ



સાવરકુંડલા, તા.૦૭

પ.પૂ. સંત શ્રી સેવાદાસબાપા આશ્રમ નકલંકધામ-હરિદ્વાર ખાતે પ.પૂ. સંત શ્રી સેવાદાસબાપાની ૪૨મી પુણ્યતિથિ નિમિત્તે મહોત્સવ ઉજવાયો હતો. જેમાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જે.વી. કાકડિયા, પ્રદીપભાઈ ભાખર, અરવિંદભાઈ પટેલ સહિત આગેવાનોએ પ.પૂ. રાજેન્દ્રદાસબાપુના આશીર્વાદ સાથે યજ્ઞ અને ચુંદડી મનોરથ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી.

## સાવરકુંડલામાં ગરીબ પરિવારોને મળી રાહત, નગરપાલિકાએ મૂક્યો પાણીનો ટાંકો

**પત્રકાર સોહિલ શેખની રજૂઆત સફળ, નગરપાલિકાના ટેન્કર દ્વારા ટાંકો ભરાશે**

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલાના છેવાડાના વિસ્તારમાં રહેતા ગરીબ પરિવારો માટે પાણીની કોઈ વ્યવસ્થા ન હતી, જેના કારણે



તેઓને ઉનાળામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને પત્રકાર સોહિલ શેખે સાવરકુંડલા નગરપાલિકામાં રજૂઆત કરી હતી. સોહિલ શેખની રજૂઆતને ધ્યાનમાં રાખીને નગરપાલિકાએ છેવાડાના વિસ્તારમાં પાણીનો ટાંકો મૂક્યો છે. આ ટાંકો નગરપાલિકાના ટેન્કર દ્વારા કાયમ ભરવામાં આવશે, જેનાથી ગરીબ પરિવારોને પાણીની સમસ્યામાંથી રાહત મળશે.

## સારહિ તપોવન આશ્રમમાં તપસ્વીઓને કામદાર પરિવાર દ્વારા ભોજન કરાવાયું

અમરેલી, તા.૦૭



સ્વ. જીતેન્દ્રભાઈ કાંતિલાલ કામદારની પુણ્યતિથિ નિમિત્તે વિરલભાઈ જયંતભાઈ કામદાર અને રાજેશભાઈ કાંતિલાલ કામદાર તરફથી સારહી યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતાં તપસ્વીઓને ૨૬-૦૩-૨૦૨૫ નાં રોજ રાત્રે મિષ્ટાન ભોજન-પ્રસાદ કરાવેલ. વૃધ્ધાશ્રમથી કંઈક અનોખા વિચારદ્રષ્ટા બની મુકેશભાઈ સંઘાણી એક અનોખી સેવા કાર્યની અલખ જગાવી છે.

## સ્વામિનારાયણ સંપ્રદાયનાં પુસ્તક લીલા ચરિત્રમાં ભગવાન પરશુરામનું અપમાન થતાં અમરેલી બ્રહ્મસમાજનું આવેદન

અમરેલી, તા.૦૭

સ્વામિનારાયણ સંપ્રદાયનાં લીલા ચરિત્રની વાતો નામના પુસ્તકમાં ભગવાન પરશુરામનું અપમાન થતાં બ્રહ્મસમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સમસ્ત બ્રહ્મસમાજ અમરેલી શહેર જિલ્લા તેમજ યુવા બ્રહ્મસમાજ, જિલ્લા મહિલા બ્રહ્મસમાજ દ્વારા સ્વામિનારાયણ સંપ્રદાયનાં પુસ્તકમાં ભગવાન પરશુરામનું અપમાન થતાં કલેકટરને રોષભેર આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું છે કે, સ્વામિનારાયણ સંપ્રદાયનાં પુસ્તકમાં ભગવાન પરશુરામનુ અપમાન થયેલ છે તેના કારણે બ્રહ્મસમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. આ પુસ્તકમાં કોઈપણ જાતના ધર્મગ્રંથો કે શાસ્ત્રોનાં આધાર વગર લખાણ કરવામાં આવેલ છે. પુસ્તકમાં ભગવાન પરશુરામ સ્વામિનારાયણ સાધુનાં પગ પકડતા હોય તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી રાજય સરકાર દ્વારા તાત્કાલિક આ પુસ્તકનાં પાના નં.૧૮૫ ઉપર ભગવાન પરશુરામ નામનું લખાણ છે તે દૂર કરવામાં આવે અને લેખક વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ધારીમાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા, ભક્તો રામમય બન્યા

ધારી, તા.૦૭

ધારીમાં રામનવમી નિમિત્તે ધારી નગરજનો દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારીના ચોરાપા શેરી ખાતે આવેલા રામજી મંદિરથી નીકળેલી આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. બપોર બાદ શરૂ થયેલી આ



શોભાયાત્રા બેન્ડવાજા, પાલખી અને ડીજે સાથે ધારીના મુખ્ય માર્ગો પર ફરી હતી. શોભાયાત્રામાં અનેક વેપારીઓએ શરબત અને પાણીના સ્ટોલ ઊભા કર્યા હતા, તેમજ પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. વર્ષોની પરંપરા મુજબ આ શોભાયાત્રાનું આયોજન ધારીના નગરજનો દ્વારા કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં રાજકીય પદાધિકારીઓ અને વેપારીઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## અમરેલી શહેરમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી, સ્વસ્થ સમાજના નિર્માણનો સંકલ્પ

અમરેલી, તા.૦૭

દર વર્ષે ૭ એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા "Healthy beginnings, Hopeful Futures" ની થીમ રાખવામાં આવી છે. અમરેલી જિલ્લાના વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં આ



દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીનો મુખ્ય હેતુ માતૃ-બાળ કલ્યાણ સેવાઓને વધુ સારી રીતે લોકો સુધી પહોંચાડવાનો અને સગર્ભા માતાઓ અને બાળકોને સ્વસ્થ રાખવાનો છે. જો સગર્ભા માતાઓ સગર્ભાવસ્થા દરમિયાન યોગ્ય કાળજી લે, તો બાળક પણ સ્વસ્થ જન્મે છે અને તેનાથી સ્વસ્થ સમાજનું નિર્માણ થાય છે. આ કાર્યમાં સામાજિક કાર્યકરો, જન પ્રતિનિધિઓ અને આરોગ્ય તંત્રનું યોગદાન મહત્વનું છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એક્સીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફીંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ ક્લીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવત્તાયુક્ત કામ પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# ધારી શહેરમાં અસામાજિક તત્વના દબાણ ઉપર તંત્રએ બુલડોઝર ફેરવ્યું



અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં ગુંડા તત્વો સામે પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રાજ્ય સરકારના ગૃહ વિભાગની સૂચના મુજબ અમરેલી એસપી સંજય ખરાતે ૧૧૩ અસામાજીક તત્વોની યાદી તૈયાર કરી છે. ધારીના સરદાર નગર પાછળ ખોડિયાર ડેમ નજીક રામાભાઈ લખમણભાઈ મેર અને કાનાભાઈ લખમણભાઈ મેર નામના બે શખ્સોએ સિંચાઈ વિભાગની જમીન પર ગેરકાયદે બાંધકામ કર્યું હતું. તા.૦૭ના રોજ વહીવટી તંત્ર, સિંચાઈ વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમે બુલડોઝર ફેરવીને આ દબાણ દૂર કર્યું હતું. આ બંને શખ્સો સામે મારામારી અને પ્રોહિબિશન એક્ટ સહિત કુલ ૮ ગુના નોંધાયેલા છે. ધારી એએસપી જયવીર ગઢવીના જણાવ્યા મુજબ, રાજ્ય સરકારની સૂચના અનુસાર અસામાજીક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે આ શખ્સોના ગેરકાયદે વીજ કનેક્શન પણ કાપી નાખ્યા છે અને વીજ વિભાગ દ્વારા દંડની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીથી વિસ્તારના માથાભારે તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

# અમરેલીમાં પ્રાથમિક સુવિધાઓને લઈને મહિલાઓ બની રણચંડી: નગરપાલિકામાં રામધૂન બોલાવી

**અનેક વખત રજૂઆતો કરવા છતાં પ્રાથમિક સુવિધાનો અભાવ**



અમરેલી,તા.૦૭

લાઠી રોડ પર આવેલ સોસાયટીઓમાં ઘણા સમયથી રહીશોએ પાયાની પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોવાની રજૂઆતો નગરપાલિકામાં કરી હતી. આ વિસ્તારમાં રોડ રસ્તા, સ્ટ્રિટલાઈટ જેવી મૂળભૂત પાયાની સુવિધાઓ ન મળતી હોવાને કારણે અને ગંદકીને લીધે સ્થાનિક લોકોમાં રોષ વ્યાપી ગયો હતો. અનેક વખત રજૂઆત કરવા છતાં બહેરા અધિકારીઓના કાને વાત સંભળાય તે માટે આજે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો નગરપાલિકા કચેરી ખાતે ધસી ગયા હતા અને રામધૂન બોલાવી હતી. 'ચમત્કાર વિના નમત્કાર નહીં' એ કહેવતને સાર્થક કરતા પાલિકાનો સ્ટાફ દોડતો થયો હતો અને એન્જિનિયર સહિતના લોકોએ આવીને સ્થાનિકોને સમજાવ્યા હતા. નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર સહિતનાઓએ હાજર રહેવાની પણ તસ્દી લીધી ન હતી અને ટેલીફોનિક આશ્વાસન આપ્યા હતા. જેમાં એપ્રિલ મહિનાના અંત સુધીમાં રોડ રસ્તા માટેનું એસ્ટીમેટ કરવામાં આવશે અને જૂન મહિના સુધીમાં આ વિસ્તારની પાયાની સુવિધાઓ મળશે તેવી ખાતરી એન્જિનિયર દ્વારા આપવામાં આવી હતી.

# બગસરાની મેઘાણી હાઈસ્કૂલમાં ત્રણ શિક્ષકો વય નિવૃત્ત થયા




બગસરા, તા.૦૭

બગસરામાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલના શિક્ષકો પ્રદિપભાઈ નાકરાણી, પાચાભાઈ રામાણી અને વિનોદભાઈ ડામોરનો વય નિવૃત્તિ સમારોહ યોજાયો હતો. આ તકે એ.પી.એમ.સી. સાવરકુંડલા ચેરમેન દિપકભાઈ માલાણીએ હાજરી આપી શિક્ષકોનું શેષ જીવન સમાજ સમર્પિત અને તંદુરસ્ત નિવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# દામનગરમાં બેઠા નાળા પર ઊંચો પુલ બનાવવાની માંગણી



દામનગર, તા.૦૭

દામનગરમાં સ્વામિનારાયણ ગુરુકુળ અને બજરંગનગર વચ્ચે આવેલ બેઠા નાળા પર ઊંચો પુલ બનાવવા માટે ધારાસભ્ય ધ્યાન આપી યોગ્ય કાર્યવાહી કરાવે તેવી માગણી સ્થાનિકો કરી રહ્યા છે. જે વિસ્તારોમાં બેઠા પુલ છે ત્યાં ચોમાસામાં જ્યારે ઉપરવાસમાંથી પાણીની આવક થતી હોય ત્યારે વાહનવ્યવહાર થંભી જતો હોય છે, આવું જ એક બેઠું નાળુ છભાડીયા રોડ પર પણ છે. જ્યારે ચોમાસામાં છભાડીયા ગામનું તળાવ છલકાઈ જાય ત્યારે તેમાંથી અને ભીંગરાડ અને દામનગર રેલવે સ્ટેશન સામેના સીમ વિસ્તાર અને મેથળી ગામના સીમ વિસ્તારનું ચોમાસાનું વરસાદી પાણી આ બેઠા નાળામાં આવે છે, તે સમયે બાયપાસ ગણાતાં આ માર્ગ પર બન્ને તરફ વાહનોને થંભાવવાની ફરજ પડે છે. આથી લોકોનાં કામકાજમાં વિલંબ થવાને કારણે સમયનો વ્યય થાય છે. સરકાર અને આ વિસ્તારનાં ધારાસભ્ય વિકાસનાં કામોને અગ્રતા આપતાં હોવાથી આ જગ્યાએ ઊંચો પુલ બનાવવાની તાતી જરૂર ઊભી થઈ છે.

# અમરેલીમાં રામનવમીની શોભાયાત્રામાં ભારતમાતાનો ફ્લોટ આકર્ષણનું કેન્દ્ર રહ્યો




અમરેલી, તા.૦૭

અમરેલીમાં વીએચપી દ્વારા રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર શહીદ મનીષ મહેતા મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રીયતાની ભાવના સાથે ભારતમાતા, વીર શહીદો તથા મહાપુરુષો વિષયક ફ્લોટ આકર્ષણનું કેન્દ્ર રહ્યો હતો. આ ભારતમાતાના ફ્લોટનું સુશોભન અમરેલીના રાષ્ટ્રપ્રેમી પેઈન્ટર ડી.જી. મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોમાં ટ્રસ્ટ હમેશા મોખરે રહેશે એવું મેનેજિંગ ટ્રસ્ટી પ્રકાશ રાજગોરે જણાવ્યું હતું.

# સાવરકુંડલાની જે.વી. મોદી હાઈસ્કૂલમાં વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરની જે.વી. મોદી હાઈસ્કૂલમાં તા.૨-૪-૨૫ ના રોજ વર્ષ ૨૦૨૪-૨૫ માં સંગીત અને વિજ્ઞાન સ્પર્ધામાં તાલુકાથી રાજ્ય કક્ષા સુધી વિજેતા થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવળ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને મોમેન્ટો, પ્રમાણપત્ર અને ભેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાણકિયા કોલેજના પ્રિન્સિપાલ રવૈયા, વરિષ્ઠ પત્રકાર પાંધી અને અન્ય આમંત્રિત મહેમાનો પણ હાજર રહ્યા હતા. સંગીત શિક્ષક સંજયભાઈ મહેતા અને તેમના સંગીત વૃંદે સુંદર પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવળ સાહેબે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને સંજયભાઈ મહેતાનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ભૂતપૂર્વ આચાર્ય આશિષભાઈ જોશીને પણ યાદ કરવામાં આવ્યા હતા.

# અમરેલી તાલુકાના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે બી.આર.સી. ભવન દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો



અમરેલી, તા.૦૭

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોમાં રહેલ શકિતઓને બહાર લાવવા વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમો યોજાય છે. અમરેલી બી.આર.સી. ભવન દ્વારા અમરેલી તાલુકાના આવા પ્રતિભાશાળી બાળકો માટે વિનામૂલ્યે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રવાસમાં બાળકોએ બીલખા ખાતે આવેલ શેલૈયાધામની મુલાકાત લીધી હતી તથા સ્થાન વિશે વિગતે માહિતી મેળવી હતી. ત્યાંથી બાળકો જૂનાગઢ ખાતે ઉપરકોટના કિલ્લાની મુલાકાત માટે ગયેલા જયાં બાળકોએ અડીકડી વાવ, નવઘણ કૂવો, બૌધ્ધ ગુફાઓ, અનાજના ભંડાર સહિતના પૌરાણિક સ્થાપત્યો નિહાળી તેમના વિશે માહિતી મેળવી હતી. આ શૈક્ષણિક પ્રવાસને સફળ બનાવવા બી.આર.સી. ભવનના કર્મચારી બીપીનભાઈ ગજેરા, રવીભાઈ મહેતા, શરદભાઈ મકવાણા, નિકુલભાઈ મહેતા, રજનીભાઈ સોલંકી, શીતલબેન મકાણી, કાજલબેન કાનાણી, અશોકભાઈ વાળા, હરેશભાઈ કાલેણા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં શોભાયાત્રામાં વિખૂટી પડેલી છ વર્ષની બાળકીનું પોલીસે માતા સાથે મિલન કરાવ્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૭

રાજુલામાં રવિવારે રામનવમી નિમિત્તે નીકળેલી શોભાયાત્રામાં ૫૦૦૦ જેટલા લોકો જોડાયા હતા. આ દરમિયાન તાલુકાના હિંડોરણા ગામની રહેવાસી મહિલા કૈલાસબેન મુકેશભાઈ ચૌહાણે પોલીસ સ્ટેશનમાં પોતાની છ વર્ષની દીકરી સંધ્યા શોભાયાત્રામાં કયાંક ખોવાઈ ગઈ હોવાની ફરિયાદ કરી હતી. આથી રાજુલા પો.ઈન્સ. એ. ડી. ચાવડાએ આ બાબતને ગંભીરતાથી લઈને બાળકીને શોધવા માટે રાજુલા પોલીસ ટીમને સૂચના આપેલ. જે અન્વયે ટીમ દ્વારા ટેકનિકલ તથા હ્યુમન સોર્સના આધારે ટાઉનમાં અલગ અલગ સી.સી. ટી.વી. ચેક કરતાં બાળકી સંધ્યા સિવિલ હોસ્પિટલ પાસેથી મળી આવેલ. બાદમાં આ બાળકીને પોલીસ સ્ટેશન લાવીને તેની માતાને સોંપી હતી.

## અવસાન નોંધ

**સિંહોર**

સ્વ. જશુભાઈ મગનભાઈ મકવાણા (પૂર્વ જેલર, સિહોર)ના પત્ની જયાબેન જસુભાઇ મકવાણા (ઉ.વ.૯૫) તા.૫/૪ને શનિવારે સ્વર્ગવાસ પામેલ છે. જેન્તીભાઈ જસુભાઈ, ભોલાભાઈ જસુભાઈ, સ્વ. મનુભાઈ જસુભાઈ, હંસાબેન મફાભાઈ પરમાર, શારદાબેન દિનેશભાઈ ડોડીયા, ક્રિષ્નાબેન મનસુખભાઇ બારીયા, નરશીભાઈ લક્ષ્મણભાઈના માતુશ્રી થાય. તેમની ઉત્તરક્રિયા તા.૧૬/૪ને બુધવારે, રામદેવ વાડી, રજપુત સમાજની વાડી, ખારાકુવા, સિહોર રાખેલ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 003
અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ
જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એકસીલેન્સ
ગર્લ્સ સ્કૂલની મંજુરી બદલ - સરકારશ્રીનો આભાર
પેરેન્ટ્સની પસંદગીની સ્કૂલમાં - સરકારશ્રી પ્રવેશ આપશે
સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ



AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @Voltas Beko | Voltas Beko | Voltas Beko | Voltas Beko 24 X 7 Customer Care NO: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wfcare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy Online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to : www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 455, 965069455 For product registration, SMS <WTA> to 9829525321 Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas, My Voltas, My Voltas, Voltas Limited, My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# રાજુલા પાસે બાઈક અને છકડો રીક્ષા વચ્ચે અકસ્માતમાં હિંડોરણા ગામનાં આધેડનું મોત

અમરેલી, તા.૦૭



રાજુલામાં રામનવમીની રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાજુલા-હિંડોરણા રોડ પર આવેલા મારુતી શોરૂમ પાસે બાઈક અને છકડો રીક્ષા વચ્ચે સામસામે અથડામણ થઈ હતી. અકસ્માતમાં બાઈક ચાલક દીપકભાઈ કરશનભાઈ પરમાર (ઉંમર ૩૬, રહેવાસી હિંડોરણા)ને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. છકડો રીક્ષાના ચાલકનો આબાદ બચાવ થયો હતો. મૃત્યુના સમાચાર મળતાં જ મૃતકના સગા-સંબંધીઓ મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને વાહનોને કબજે લીધા હતા. અકસ્માત કેવી રીતે સર્જાયો, બંને વાહનોની ઝડપ કેટલી હતી અને કોણ ખોટી સાઈડમાં જતું હતું તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

# સાવરકુંડલામાં નીતિ-નિયમોને નેવે મૂકી ફટાકડાનો સંગ્રહ કરનાર સામે ગુનો નોંધાયો

સાવરકુંડલા,તા.૦૭

સાવરકુંડલા ટાઉન વિસ્તાર ખાતે ફાયર સેફ્ટીના સાધનો વિના સ્ફોટક પદાર્થ ફટાકડાનું સંગ્રહ કરી વેચાણ કરી માનવજીંદગીને જોખમમાં મુકતા એક ઈસમને સ્ફોટક પદાર્થ ફટાકડા કુલ કિં.રૂ.૨૨,૭૫૦/- ના જથ્થા સાથે એસ.ઓ.જી. ટીમે પકડી પાડ્યો હતો. અમરેલી જિલ્લામાં સુરક્ષાની વ્યવસ્થા સુનિશ્ચીત કરવા તેમજ લાયસન્સ વગરના તથા સંબંધિત જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા તમામ ઈસમો વિરુધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવા જરૂરી સૂચનાં અને માર્ગદર્શન આપેલ જે અન્વયે પોલીસ અધિક્ષક સંજય ખરાત અમરેલીનાઓ દ્વારા આ ઝુંબેશ બાબતે જિલ્લા ખાતે વધુમાં વધુ કામગીરી કરવા સૂચના આપેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી.ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં અલગ અલગ વિસ્તાર ખાતે ફટાકડાનું વેચાણ, સંગ્રહ કરતા સ્થળો ચેક કરતા હોય જે દરમ્યાન ખાનગી રાહે હકીકત મળેલ હોય કે, સાવરકુંડલા ટાઉન વિસ્તાર ખાતે વગર લાયસન્સે ગે.કા. રીતે ફટાકડાનો સંગ્રહ કરી વેચાણ કરતા હોય જે અન્વયે સદરહુ બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા દિપુભાઈ મનુભાઈ ખુમાણ ઉ.વ.૫૩ ધંધો ફટાકડા (ખેતી) રહે. સાવરકુંડલા, પંચવટી સોસાયટી મહુવારોડ પર રહેતા એક ઈસમને સ્ફોટક પદાર્થ ફટાકડાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.



# વિજપડી ગામે રૂા.૭૬ હજારની લોન લઈ છેતરપિંડી કરતા ફરિયાદ

અમરેલી, તા.૦૭

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે રહેતા વકીલનાં મોટાભાઈના અસ્થિર મગજનો ફાયદો ઉઠાવી મહુવાનાં શખ્સે રૂા.૭૬,૬૭૭ની છેતરપિંડી કરી હોવાની સાવરકુંડલા રૂરલમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે. વિજપડી ગામે રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા ગુણવંત ભીખાભાઈ ગોંડલીયાએ સાવરકુંડલા રૂરલમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, મહુવા ગામે રહેતા મહમદસફી સલીમભાઈ જેઠવાએ ગુણવંતભાઈનાં મોટાભાઈ કમલેશભાઈ અસ્થિર મગજના હોઈ જેનો લાભ લઈ આરોપી મહમદસફીએ રૂા.૭૬,૬૭૭ની પર્સનલ લોન લઈ આ રૂપિયા એટીએમ અને ગુગલ પેથી ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

**યુવકે ૩ શખ્સો સામે દામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી**

# પ્રેમ સંબંધમાં દામનગરનાં યુવક અને તેના પિતાને ૩ શખ્સોએ ઢોર માર માર્યો

અમરેલી, તા.૦૭

દામનગરમાં રત્ન કલાકાર યુવકને પ્રેમ કરવો ભારે પડ્યો છે. પ્રેમ કરનાર રત્ન કલાકાર યુવકને ગામના જ ત્રણ લોકોએ ઢોર માર મારતા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયારે તેમના પિતાને પણ પાઈપ વડે ફટકારવામાં આવતા તેમને પણ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. દામનગરનાં કોળીવાડ વિસ્તારમાં રહેતા કિરણ વિનુભાઈ કુકવાવાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેમને આરોપી હાર્દિક મનસુખ રાધનપરાની બેન સાથે પ્રેમ સંબંધ હોય જેનો ખાર રાખી હાર્દિક મનસુખ રાધનપરા, અતુલ લાલજી દલોલીયા અને એક અજાણ્યા ઈસમે એકસંપ કરી ફરિયાદી કિરણને ભારત મીલ પાસે બોલાવી પ્લાસ્ટીકનાં પાઈપ વડે આડેધડ ઢોર માર મારતા કિરણ ભાગી જતા આરોપીઓ પરમાનંદ સોસાયટીમાં આવતા કિરણનાં પિતા વિનુભાઈ સાથે માથાકૂટ કરી વિનુભાઈને લોખંડનાં પાઈપ વડે માર મારતા જમણા પગે ફ્રેકચર કરી ઢોર માર માર્યો હતો. વિનુભાઈને બચાવવા રાજુભાઈ નામના શખ્સ વચ્ચે પડતા તેમને પણ માર મારવામાં આવતા કિરણે ત્રણ શખ્સો સામે દામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જિલ્લામાં દારૂ પી બાઈક ચલાવતા ત્રણ શખ્સો ઝબ્બે

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં દારૂડિયાઓ સામે પોલીસની કડક કાર્યવાહી છતાં પ્યાસીઓ ગમે ત્યાંથી છાંટો પાણી કરી આવતા નજરે પડે છે. જેમાં રાજુલાના બાબરીયાધાર ગામે રહેતા મુના કિશોર પરમાર કેફી પીણું પી વાહન ચલાવતા પોલીસે ઝડપી પાડ્યો હતો. તેમજ અમરેલી શહેરમાં રહેતો મંગળુ પરમાર નામનો ૨૦ વર્ષીય યુવક કેફી પીણું પી જાહેર રોડ પર વાહન ચલાવતો હોવાથી પોલીસે તેની સામે કડક કાર્યવાહી હાથ ધરી છે અને અમરેલીનાં રામપરા શેરી નં.૩માં રહેતા સુરેશ બાબુ જોષી પોતાનું વાહન લઈ ઝુમ બરાબર ઝુમ હાલતમાં જાહેરમાં નીકળતા પોલીસે તેની સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ત્રણેય શખ્સો સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો છે.

# લાઠીનાં રાભડા ગામે માવો લેવા જવાની ના પાડતા ફડાકા ઝીંક્યા

**ફરિયાદીનાં ઘરે આવી લાકડી વડે મુંઢમાર માર્યો**

અમરેલી, તા.૦૭

લાઠીનાં રાભડા ગામે આધેડે માવો લેવા જવાની ના પાડતા બે શખ્સોએ ઉશ્કેરાઈ જઈ આધેડને ઢોર માર માર્યો હતો. ત્યારબાદ ફરિયાદીના ઘરે જઈને પણ આ શખ્સોએ લાકડી વડે માર મારતા દામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. લાઠી તાલુકાના રાભડા ગામે રહેતા દીપક દેવજી પરમારે ફરિયાદ નોંધાવી છે કે, સાહેદ અમરશીભાઈ ગામના પાદર પાસે બેઠા હોય ત્યારે આરોપી મુકેશ સામત પરમારે સાહેદ અમરશીભાઈને કહેલ કે મારા માટે માવો લેતો આવ જેથી અમરશીભાઈએ માવો લેવા જવાની ના પાડતા મુકેશ સામત પરમારે અમરશીભાઈને ત્રણ ચાર ફડાકા ઝીંકી દીધા હતા અને ત્યારબાદ આરોપી મુકેશ સામત પરમાર અને સામત ઉકા પરમાર ફરિયાદી દીપક દેવજી પરમારના ઘરે આવી દીપકને પકડી રાખી લાકડી વડે માથામાં માર માર્યો હતો. જેથી પુત્રને બચાવવા દેવજીભાઈ પરમાર વચ્ચે પડતા દેવજીભાઈને પણ ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. જેથી દીપક દેવજી પરમારે બન્ને શખ્સો સામે દામનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીનાં મીઠાપુર (નક્કી) ગામના પ્રૌઢને મારી નાખવાની ધમકી

**પ્રૌઢે ચલાલાનાં યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૭

ધારીનાં મીઠાપુર(નક્કી) ગામના પ્રૌઢને ચલાલાનાં યુવકે જાનથી મારી નાખવાની ધમકી આપતા યુવક સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ગેલાભાઈ સોમાભાઈ રાઠોડે ધારી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપી મુકેશ પાલજી રાઠોડે ફરિયાદીને ફોન કર્યો હતો કે તમારા દીકરા મધુને સમજાવી દેજો કે અનુ.જાતિ ખેતી સામુદાયિક જમીન બાબતે રસ લેવાનું બંધ કરી દે અને ધારી તાલુકા અનુ. જાતિ ગ્રુપમાં મારા વિશે લખવાનું બંધ કરી દે તેમ કહેતા ગેલા સોમા રાઠોડે મુકેશ રાઠોડને કહેલ કે અનુ.જાતિ ખેતી સામુદાયિક જમીન એકલા હજારો વિઘા વાવો છો તેમ કહેતા આરોપી મુકેશને સારૂં નહી લાગતા પ્રૌઢને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# નબાપરા-ધારી ખાતે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરાશે

**પ.પુ.માધવદાસબાપુ (દેવાંગી આશ્રમ ખીચા) ના હસ્તે અનાવરણ કરાશે**

ધારી,તા.૦૭



નબાપરા (ધારી) ખાતે રાજરત્ન ભવન, આંબેડકરનગરમાં બંધારણનાં ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ તા.૧૩/૦૪/૨૦૨૫, રવિવારે સવારે ૯:૦૦ કલાકે પ.પુ. માધવદાસબાપુ (દેવાંગી આશ્રમ ખીચા) ના હસ્તે કરાશે. આ પ્રસંગે ધારાસભ્ય જે.વી કાકડીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયત સદસ્ય ભુપતભાઈ વાળા, નબાપરાના સરપંચ બાલાભાઈ વાડદોરીયા અને લક્ષ્મણભાઈ કંબોડી મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. નબાપરા સમસ્ત પંચ ભાઈઓ તરફથી આ તકે ઉપસ્થિત રહેવા સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવેલ છે તેવું નરેશભાઈ મકવાણાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: અગિયારસ
તા. ૦૮-૦૪-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૬:૦૩,
સૂર્યાસ્ત-૦૬:૪૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૦૮-૦૪-૨૦૨૫ મંગળવાર

મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો.

વૃષભ: આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

મિથુન: ગ્રહોની શુભ અસરોથી આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે.

કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓનું ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો.

સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે.

તુલા: આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લીધેલા નિર્ણયોથી તમને ફાયદો થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે.

ધન: આજનો દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે.

મકર: વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, નબળા શત્રુઓ પર વિજય અને તમામ આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઇનલ કરવામાં આવશે.

મીન: તમને આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે.

# બાબરામાં નવા શહેર ભાજપ પ્રમુખનો આવકાર અને પૂર્વ પ્રમુખનો વિદાય કાર્યક્રમ યોજાયો

બાબરા, તા.૦૭

બાબરામાં સર્કિટ હાઉસ ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં બાબરાના પૂર્વ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયાનો વિદાય અને નવનિયુક્ત શહેર પ્રમુખ કિરીટભાઈ પરવાડીયાનો આવકાર કાર્યક્રમ યોજાયો હતો. પ્રદેશ ભાજપ દ્વારા શહેર પ્રમુખ તરીકે જાણીતા એડવોકેટ અને યુવા પાટીદાર કિરીટભાઈ પરવાડીયાની વરણી કરવામાં આવતા ધારાસભ્ય સહિત શહેર અને તાલુકાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા વરણીને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. કિરીટભાઈ છેલ્લા બે દાયકાઓથી શહેરના સંગઠનમાં કાર્યરત છે તેમજ અનેકવાર નગરપાલિકાની ચૂંટણી પણ લડી ચુક્યા છે ત્યારે પક્ષમાં પૂર્ણ વફાદારીથી કામ કરવા બદલ તેમને શહેર ભાજપના પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. આ તકે નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિ ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર, જગદીશભાઈ વાવડીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



# ગાધકડા ગામે ગાળો બોલવાની ના પાડતા દુકાન સળગાવી નાખવાની ધમકી

અમરેલી, તા.૦૭

સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામે પાનમસાલા લેવા આવેલા શખ્સો ગાળો બોલતા હોય જેથી વેપારીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીઓએ દુકાન સળગાવી નાખવાની ધમકી આપી હતી. ગાધકડા ગામે રહેતા ફરિયાદી ઉસ્માન દાદુભાઈ જુણેજા તેની પત્ની સાથે રાત્રીનાં સમયે દુકાને હોય તે દરમિયાન ઉદયભાઈ અને તેની સાથેનો એક અજાણ્યો શખ્સ રજનીગંધા લેવા માટે આવતા વેપારીએ રજનીગંધા આપવા છતાં તે દરમિયાન ઉદયભાઈએ તેની સાથેના વ્યક્તિને ગાળ સાથે વાત કરતા વેપારીએ કહેલ કે, ગાળો બોલવી હોય તો રજનીગંધા આપવી નથી. જેથી ઉદયભાઈને સારૂ નહી લાગતા બંને લોકો વેપારી અને તેની પત્નીને ગાળો આપવા લાગ્યા હતા. અને જો વધુ કંઈ કીધું તો જાનથી મારી નાખીશ અને દુકાન સળગાવવાની ધમકી આપતા વેપારી ઉસ્માન જુણેજાએ બંને શખ્સો સામે સાવરકુંડલા રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# જાનબાઈ દેરડી ગામે ૩ શખ્સોએ આધેડને ઢોર માર મારતા પોલીસ ફરિયાદ

**સામા પક્ષે મહિલાએ પણ ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા.૦૭

લાઠી તાલુકાનાં જાનબાઈ દેરડી ગામે પરિણીતા તેની દીકરી સાથે ચાલીને મઢે જતી હોય ત્યારે આરોપીની પત્નીએ પરિણીતાને કહેલ કે, તારે અહીં ચાલવું હોય તો સોમજીના ઘરમાં બેસી જા. જેથી આ ઘટનાની જાણ પરિણીતાની દીકરીએ ફરિયાદીના ભાઈને વાત કરતા ફરિયાદીના ભાઈ આરોપી પાસે જતા તેમને મુંઢમાર મારવામાં આવ્યો હતો. લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા ફરિયાદી જગદીશ વાઘજી સોલંકીનાં ભત્રીજા સંજયની પત્ની શોભા અને તેની દીકરી ચાલીને મઢે જતા હોય તે દરમિયાન આરોપી ભુપત વેલજી સાબડીયાની પત્નીએ શોભાને કહેલ કે તારે અહીં ચાલવું હોય તો આરોપી સોમજી વેલજી સાબડીયાના ઘરમાં બેસી જા. તેથી શોભાની દીકરીએ આ બાબતની જાણ ફરિયાદી જગદીશનાં મોટા ભાઈને કરતા જગદીશનાં મોટા ભાઈ આરોપી પાસે જતા આરોપી સોમજી વેલજી સાબડીયા, ભુપત વેલજી સાબડીયા અને શૈલેષ માધા સાબડીયાએ એકસંપ કરી જગદીશનાં મોટા ભાઈને લોખંડનો પાઈપ માર્યો હતો. જેથી જગદીશ પોતાના મોટા ભાઈને બચાવવા જતાં તેમને પણ પાઈપ વડે માર મારી ઈજા કરેલ હતી અને જગદીશનાં કૌટુંબિક ભાઈ વિષ્ણુને પણ મુંઢમાર મારવામાં આવતા જગદીશે ત્રણેય શખ્સો સામે લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સામા પક્ષે બાલીબેન ગોપાલભાઈ સાબડીયાએ પણ ૬ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે કે, આરોપી સંજય ફરિયાદી બાલીબેનનાં ઘર પાસે બાઈક ગજાવતા હોય જેથી બાલીબેનનાં સાસુએ બાઈક ગજાવવાની ના પાડતા સંજયની બહેન ચકુ તથા રંજન અને તેમની પત્ની શોભાએ બાલીબેનને ઘર પાસે રસ્તે ચાલવાની ના પાડેલ હોય તેનું મનદુઃખ રાખી ગાળો આપી હતી. બાલીબેને આ બાબતે તેના સસરા ભુપતભાઈને ઘરે બોલાવતા આરોપી જગદીશે ધારીયું લઈ આવી ભુપતભાઈનાં માથાના ભાગે ઘા મારતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમજ અન્ય આરોપી ભાવેશ શિવા સોલંકી, મુના આંબા સોલંકી, નકુ વાઘજી સોલંકી, વિષ્ણુ સુખા સોલંકી વિરૂધ્ધ બાલીબેને લાઠી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીમાંથી પોલીસે કિં.રૂા.૧૦ની છરી કબ્જે કરી ગુનો નોંધ્યો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં અધિક મેજીસ્ટ્રેટનું જાહેરનામું હોવા છતાં સંધી સોસાયટીમાં રહેતા ઈસ્માઈલ અલારખ લાખા નામના યુવક પાસેથી એલ્યુમિનિયમનાં હાથામાં ડિઝાઈનવાળી, ૧૦ ઈંચની લંબાઈવાળી કિં. રૂા.૧૦ની છરી કબ્જે કરી હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે ગુનો નોંધ્યો છે.

તંત્રી લેખ

# કોંગ્રેસ અધિવેશનમાં વરિષ્ઠ નેતાઓનું આત્મમંથન

સમયની સાથે પરિવર્તન થયા કરે છે. આઝાદી પહેલા કોંગ્રેસનો ભૂતકાળ ભવ્ય હતો. ભારતને આઝાદી આપવામાં તેની અહમ ભૂમિકા હતી પરંતુ હવે તે વિરોધ પક્ષની ભૂમિકા પણ જો સારી રીતે ભજવી શકે તો તેને સારી વસ્તુ ગણી શકાય. કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન ગુજરાતના અમદાવાદના આંગણે શરૂ થઈ ચૂક્યું છે ત્યારે કોંગ્રેસના ગૌરવવંતા ભૂતકાળને યાદ કરવો જરૂરી છે સાથો સાથ વર્તમાન સ્થિતિની પણ સમીક્ષા અધિવેશનમાં કરવામાં આવે તેવી શક્યતા છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (Indian National Congress - INC), જેને સામાન્ય રીતે કોંગ્રેસ તરીકે ઓળખવામાં આવે છે, એ ભારતનો એક મુખ્ય રાજકીય પક્ષ છે. તેની સ્થાપના ૨૮ ડિસેમ્બર ૧૮૮૫ના રોજ થઈ હતી અને તે એશિયા અને આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યમાં ઉદ્ભવેલી પ્રથમ આધુનિક રાષ્ટ્રવાદી ચળવળ હતી. કોંગ્રેસનો ઈતિહાસ બે મુખ્ય તબક્કામાં વહેંચાયેલો છે. આઝાદી પહેલાનો યુગ: આ સમયગાળા દરમિયાન, કોંગ્રેસે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં મુખ્ય ભૂમિકા ભજવી અને લોકોમાં જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ, કોંગ્રેસ એક જન આંદોલન બન્યું. આઝાદી પછીનો યુગ એટલે ૧૯૪૭માં ભારતની આઝાદી પછી, કોંગ્રેસે ભારતીય રાજકારણમાં એક પ્રભાવશાળી સ્થાન જાળવી રાખ્યું. આઝાદી પછીના ૬૦ વર્ષોમાંથી લગભગ ૪૮ વર્ષ સુધી કોંગ્રેસે કેન્દ્રમાં શાસન કર્યું. જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી જેવા અનેક દિગ્ગજ નેતાઓએ કોંગ્રેસનું નેતૃત્વ કર્યું. કોંગ્રેસ એક રાષ્ટ્રીય સ્તરનો રાજકીય પક્ષ છે અને ઘણા રાજ્યોમાં તેની નોંધપાત્ર હાજરી છે. તે વિવિધ રાજકીય પક્ષો સાથે જોડાણ કરીને ચૂંટણી લડે છે. ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ ભારતની આઝાદી પછી, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ દેશની સૌથી પ્રભાવશાળી રાજકીય પાર્ટી બની રહી. ૧૯૫૨માં આઝાદી પછીની પહેલી સામાન્ય ચૂંટણીમાં પાર્ટીએ રાષ્ટ્રીય સંસદ અને મોટાભાગની રાજ્ય વિધાનસભામાં જંગી જીત મેળવી. આઝાદી પછી કોંગ્રેસનો સમયગાળો નીચે મુજબના મુખ્ય તબક્કામાં વહેંચાયેલો છે: ૧૯૪૭-૧૯૬૪: જવાહરલાલ નેહરુનો યુગ: આ સમયગાળા દરમિયાન કોંગ્રેસે કેન્દ્રમાં એકહથ્થુ શાસન કર્યું. જવાહરલાલ નેહરુ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા અને તેમણે આધુનિક ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી. તેમની નીતિઓમાં બિન-જોડાણવાદ, સમાજવાદી અર્થતંત્ર અને આયોજનનો સમાવેશ થાય છે. ૧૯૬૪-૧૯૬૬: લાલ બહાદુર શાસ્ત્રીનો ટૂંકો કાર્યકાળ: નેહરુના મૃત્યુ પછી લાલ બહાદુર શાસ્ત્રી વડાપ્રધાન બન્યા. તેમના કાર્યકાળ દરમિયાન ૧૯૬૫નું ભારત-પાકિસ્તાન યુદ્ધ થયું. ૧૯૬૬-૧૯૮૪: ઈન્દિરા ગાંધીનો યુગ: ઈન્દિરા ગાંધી ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા અને તેમણે લાંબા સમય સુધી શાસન કર્યું. તેમના કાર્યકાળમાં ૧૯૭૧નું ભારત-પાકિસ્તાન યુદ્ધ, બાંગ્લાદેશની રચના અને કટોકટી (૧૯૭૫-૭૭) જેવી મહત્વની ઘટનાઓ બની. ૧૯૬૯માં કોંગ્રેસનું વિભાજન પણ આ સમયગાળામાં થયું.૧૯૮૪-૧૯૮૯: રાજીવ ગાંધીનો યુગ: ઈન્દિરા ગાંધીની હત્યા પછી રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા. તેમણે ટેકનોલોજી અને આધુનિકીકરણ પર ભાર મૂક્યો.૧૯૯૧-૧૯૯૬: પી.વી. નરસિંહ રાવનો યુગ: આ સમયગાળામાં ભારતે આર્થિક ઉદારીકરણની નીતિ અપનાવી. ૧૯૯૮-૨૦૧૪: સોનિયા ગાંધી અને મનમોહન સિંહનો યુગ: સોનિયા ગાંધી પાર્ટીના અધ્યક્ષ બન્યા અને તેમના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે ૨૦૦૪ અને ૨૦૦૯માં કેન્દ્રમાં સરકાર બનાવી. મનમોહન સિંહ આ બંને સરકારોમાં વડાપ્રધાન રહ્યા.

# પ્રજાની પરેશાનીનો એકમાત્ર ઉપાય:નાગરિક અધિકાર પત્ર

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સરકારી ઓફિસમાં સામાન્ય માનવી જાય છે ત્યારે તેની મુશ્કેલીઓ અને તેના પ્રશ્નોની તે રજૂઆત કરે છે. આ બાબતમાં અરજી પણ આપે છે પરંતુ તેનાથી તેનું કામ થતું નથી. કામ ટલ્લે ચડે છે. આ વસ્તુ નિવારવા માટે નાગરિક અધિકાર પત્રની શરૂઆત કરવામાં આવી છે. મોટા શહેરની સરકારી ઓફિસોમાં સામાન્ય પ્રજાજનને પોતાના પ્રશ્નોના સમાધાન મેળવવા માટે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. અમુક સરકારી ઓફિસોમાં તો સામાન્ય નાગરિકને સીધા જવાબ પણ મળતા નથી અને સામાન્ય નાગરિકના કામ અમુક અધિકારીઓ ટલ્લે ચડાવે છે. સરકારી ઓફિસોમાં વિલંબ સૌથી મોટો અવરોધ છે. અમુક ઓફિસમાં તો 'પૈસા ફેંકો તમાશા દેખો' જેવો માહોલ હોય છે. એજન્ટો દ્વારા પૈસા ચૂકવો તો જ તમારું કામ થઈ શકે આ વસ્તુ સૌ કોઈ જાણે છે. ભ્રષ્ટાચાર સરકારી ખાતામાં સામાન્ય વસ્તુ છે પરંતુ સામાન્ય નાગરિકને તકલીફ ન પડે તે માટે નાગરિક અધિકાર પત્રની શરૂઆત કરવામાં આવી છે. નાગરિક અધિકાર પત્ર એ એક એવો દસ્તાવેજ છે જે નાગરિકોને સરકારી સેવાઓ મેળવવાના અધિકારો અને ફરજો વિશે માહિતી આપે છે. આ પત્રમાં, નાગરિકોને કઈ સેવાઓ ઉપલબ્ધ છે, તે કેવી રીતે મેળવવી, અને જો તેઓને કોઈ સમસ્યા હોય તો તેઓ ક્યાં ફરિયાદ કરી શકે છે તે વિશેની માહિતી આપવામાં આવે છે. નાગરિક અધિકાર પત્રનો હેતુ વહિવટમાં પારદર્શકતા લાવવાનો છે. સરકારી સેવાઓને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવાનો મૂળ હેતુ છે. આ ઉપરાંત નાગરિકોને તેમના અધિકારો વિશે માહિતગાર કરવાનું ધ્યેય પણ છે. આ ઉપરાંત તેમને સરકારી સેવાઓ મેળવવામાં મદદ કરવાનો છે. નાગરિક અધિકાર પત્રના મુખ્ય ઘટકો અને તેના વિશે પણ જાણવું જરૂરી છે. જેમાં નાગરિકોને મળતી સેવાઓની વિગતોનો સમાવેશ થાય છે. નાગરિકોને કઈ સેવાઓ ઉપલબ્ધ છે તેની માહિતી આ પત્રમાં સ્પષ્ટ રીતે દર્શાવેલી હોય છે. આ ઉપરાંત સેવાઓ મેળવવાની પ્રક્રિયા વિશે વિસ્તારથી જણાવવામાં આવ્યું હોય છે કે તેઓ નાગરિક સેવાઓ કેવી રીતે મેળવી શકે છે તેની માહિતી સરળ ભાષામાં આપેલી હોય છે. નાગરિક અધિકાર પત્રમાં ફરિયાદ નિવારણ પ્રક્રિયા દર્શાવવામાં આવી હોય છે. નાગરિકોને કોઈ સમસ્યા હોય તો તેઓ ક્યાં ફરિયાદ કરી શકે છે તેની માહિતી એમાં સામેલ હોય છે. સેવાઓ માટે સમય મર્યાદા એટલે કે સેવાઓ કેટલા સમયમાં પૂરી પાડવામાં આવશે તેની માહિતી સામેલ હોય છે. અધિકારની સાથોસાથ નાગરિકોની ફરજો ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોય છે. નાગરિકોની સરકારી સેવાઓ મેળવવામાં શું ફરજો છે તેની માહિતી આપેલી હોય છે. નાગરિક અધિકાર પત્રનું મહત્વ: નાગરિક અધિકાર પત્ર એ એક મહત્વપૂર્ણ સાધન છે જે નાગરિકોને તેમના અધિકારો વિશે માહિતગાર કરે છે અને તેમને સરકારી સેવાઓ મેળવવામાં મદદ કરે છે. તે સરકારી સેવાઓની ગુણવત્તામાં સુધારો કરવામાં મદદ કરે છે. તે નાગરિકો અને સરકાર વચ્ચે વિશ્વાસ વધારવામાં મદદ કરે છે. નાગરિક અધિકાર પત્ર એ એક જીવંત દસ્તાવેજ છે જે સમયાંતરે અપડેટ થતો રહે છે. નાગરિક અધિકાર પત્ર વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે. નાગરિક અધિકાર પત્ર સરકારી વેબસાઈટ્સ અને કચેરીઓમાં ઉપલબ્ધ છે. ભારતમાં નાગરિક અધિકાર પત્રની શરૂઆત ૧૯૯૭ માં વડાપ્રધાન કાર્યાલય દ્વારા કરવામાં આવી હતી. પ્રશ્ન એ થાય છે કે નાગરિક અધિકાર પત્ર ન મળે તો શું કાર્યવાહી થઈ શકે તે નીચે મુજબ છે: માહિતી અધિકાર અધિનિયમ (RTI) નો ઉપયોગ કરો. જો કોઈ સરકારી કચેરી નાગરિક અધિકાર પત્ર આપવાનો ઈનકાર કરે છે, તો તમે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગી શકો છો. તમે આરટીઆઈ અરજી દાખલ કરીને નાગરિક અધિકાર પત્રની નકલ માંગી શકો છો. આ પહેલા તમારે ઉચ્ચ અધિકારીને ફરિયાદ કરવી જોઈએ. જો તમને આરટીઆઈ હેઠળ પણ માહિતી ન મળે, તો તમે સંબંધિત કચેરીના ઉચ્ચ અધિકારીને ફરિયાદ કરી શકો છો. તમે રાજ્ય માહિતી આયોગ અથવા કેન્દ્રીય માહિતી આયોગને પણ ફરિયાદ કરી શકો છો. ગ્રાહક સુરક્ષા અધિનિયમનો ઉપયોગ કરો: જો નાગરિક અધિકાર પત્રમાં આપેલ સેવાઓ સમયસર પૂરી પાડવામાં ન આવે, તો તમે ગ્રાહક સુરક્ષા અધિનિયમ હેઠળ ગ્રાહક ફોરમમાં ફરિયાદ કરી શકો છો. આ માટે કોર્ટમાં જવું પડે તો જઈ શકો છો. જો અન્ય તમામ વિકલ્પો નિષ્ફળ જાય, તો તમે કોર્ટમાં જઈ શકો છો. તમે કોર્ટમાં અરજી દાખલ કરીને નાગરિક અધિકાર પત્ર મેળવવાનો અધિકાર માગી શકો છો. નાગરિક અધિકાર પત્ર એ નાગરિકોનો અધિકાર છે, અને સરકારી કચેરીઓ તેને આપવા માટે બંધાયેલી છે. જો તમને નાગરિક અધિકાર પત્ર ન મળે, તો તમે ઉપર જણાવેલ કાર્યવાહી કરી શકો છો. ગુજરાત સરકારના ઘણા વિભાગોમાં નાગરિક અધિકાર પત્ર ઉપલબ્ધ છે. તેમાંથી કેટલાક આ મુજબ છે: મહેસુલ વિભાગ, કલેક્ટર કચેરીઓ, પંચાયત વિભાગ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, પોલીસ વિભાગ: પોલીસ સ્ટેશનો, વાહન વ્યવહાર વિભાગ, આરટીઓ કચેરી, નગરપાલિકા વિભાગ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ, ઉદ્યોગ વિભાગ, ઔદ્યોગિક વિસ્તારો, નાણાં વિભાગ, કરવેરા કચેરીઓ, શિક્ષણ વિભાગ: શાળાઓ, કોલેજો, આરોગ્ય વિભાગ: સરકારી હોસ્પિટલો, જાહેર આરોગ્ય કેન્દ્રો, નાગરિક પુરવઠા વિભાગ: રાશનિંગ કચેરીઓ આ ઉપરાંત, અન્ય સરકારી વિભાગો અને કચેરીઓમાં પણ નાગરિક અધિકાર પત્ર ઉપલબ્ધ છે. નાગરિક અધિકાર પત્રમાં સરકારી સેવાઓ મેળવવાના નાગરિકોના અધિકારો અને ફરજો વિશે માહિતી આપવામાં આવે છે. આ પત્રમાં, નાગરિકોને કઈ સેવાઓ ઉપલબ્ધ છે, તે કેવી રીતે મેળવવી, અને જો તેઓને કોઈ સમસ્યા હોય તો તેઓ ક્યાં ફરિયાદ કરી શકે છે તે વિશેની માહિતી આપવામાં આવે છે. આજે મોટાભાગના લોકોને નાગરિક અધિકાર પત્ર વિશે ખાસ કોઈ જાણકારી નથી પરંતુ આ બાબતમાં જનજાગૃતિ આવે તો સરકારના વહીવટમાં પારદર્શકતા આવશે, લોકોના કામ જલ્દી થશે અને ભ્રષ્ટાચાર થતો અટકી જશે. નાગરિક અધિકાર શું છે તે વિશે મોટાભાગના લોકો જાણતા નથી. નગરપાલિકા કે અન્ય કોઈ સરકારી ખાતામાં જ્યાં જરૂર પડે ત્યાં વહીવટી સેવા મેળવવા માટે શું કરવું જોઈએ એની તમામ વિગતો નાગરિક અધિકાર પત્રમાં આપેલી હોય છે જેનો અભ્યાસ કરીને જનતા ઝડપથી ગુણવત્તા ભરી સરકારી સેવા મેળવી શકે છે અને આ દેશમાંથી ભ્રષ્ટાચાર દૂર કરવાનું ગૌરવ પ્રાપ્ત કરી શકે છે પરંતુ આ માટે નાગરિક અધિકાર પત્ર અંગે સમયસર જાગવું જરૂરી છે.



**સરકારી ઓફિસોમાં સામાન્ય નાગરિકના પ્રશ્નો ટલ્લે ચડતા અટકાવવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે આના કારણે પ્રજાના કાર્યો ઝડપથી થાય અને વહીવટી તંત્રમાં પારદર્શકતા આવે તે માટે નાગરિક અધિકાર પત્રની શરૂઆત કરવામાં આવી છે.**

## શબ્દ સંજોગ-૧૯૭૯



**આડી ચાવી :**
(૧) કદાચ, કદાપિ (૨)
(૩) સુરતનું જમણને..... નું મરણ (૨)
(૫) નિમાયેલું, નીમવામાં આવેલું (૨)
(૭) ભમરડો ફેરવવાની દોરી (૨)
(૮) બંગાળના એક ભાગનું પ્રાચીન નામ (૨)
(૯) હોશ, સ્મરણ (૨)
(૧૦) સાંબેલુ (૩)
(૧૧) અપ્રાપ્ય (૩)
(૧૨) સોના-ચાંદીનું પાતળું પતરું (૩)
(૧૩) આજે વિદ્યાર્થીઓ..... વિનાનું ભણતર માગે છે. (૨)
(૧૪) ચાસણીમાં રાખેલો કેરી વગેરે ફળનો પાક (૩)
(૧૬) જગત, લોક (૩)
(૧૮) શંકર ભગવાન આની માળા પહેરતા (૩)
(૧૯) અર્ધ ભાગ (૨)
(૨૦) કવિતા રચનાર (૨)
(૨૨) દેશ, પ્રદેશ (૩)
(૨૪) હીંચકો, નુકસાન (૨)
(૨૫) દૂધ (૨)
(૨૬) આટલી... મારી ખાતામાં જમા કરજો. (૩)
(૨૭) આઠ (૨)

**ઉભી ચાવી :**
(૧) નુકસાન, પાયમાલી (૨)
(૨) રૂધિર (૨)
(૩) ક્રોધ, દુકાળ (૨)
(૪) પત્ર, પત્રિકા (૩)
(૬) જોડું (૩)
(૭) પશુ (૪)
(૮) અપૂર્ણાકમાં લીટી ઉપરનો અંક (૨)
(૧૦) મોંનો દેખાવ (૪)
(૧૧) આશ્ચર્યકારક ચમત્કાર (૪)
(૧૫) રક્ષણ કરનાર (૩)
(૧૭) નવલું (૩)
(૧૮) ઝાંઝરનો અવાજ (૪)
(૨૧) વિશેષતાવાળું (૩)
(૨૨) મોહ પામેલું (૨)
(૨૩) હસ્ત, ટેકસ (૨)

## શબ્દ સંજોગ-૧૯૭૮ જવાબ

**આડી ચાવી:** (૧) ઈરાવત (૪) ખાસ (૭) તનક (૯) રતવા (૧૧) મહાન (૧૩) માવતર (૧૫) સનમ (૧૬) તક (૧૮) આમ (૧૯) નવ (૨૧) આનન (૨૩) રુઆબ (૨૪) ગગન (૨૫) ખમણ (૨૭) માર્ચ (૨૯) મ્યાન (૩૦) અટકાયત.
**ઉભી ચાવી:** (૧) ઈનામ (૨) વતન (૩) તન (૫) સરત (૬) સવા (૮) કમાન (૧૦) તરત (૧૨) હાકેમ (૧૪) વમન (૧૫) સહન (૧૭) કરબડી (૧૮) આલિંગન (૨૦) વરુણ (૨૧) આનમાન (૨૨) નખ (૨૬) મર્કટ (૨૮)ભોંય.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૦૪ |
| ઘઉં ટુકડા | ૪૭૪ | ૫૬૦ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૮૫૦ |
| તુવેર | ૧૨૩૦ | ૧૪૫૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૩૮૦ | ૨૨૮૦ |
| અડદ | ૧૨૨૫ | ૧૬૨૫ |
| મગ | ૭૭૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૮૫૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૨૨૫૦ |
| રાજમા | ૯૦૦ | ૨૧૨૬ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૦૯૭ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૪૦ |
| તલી | ૧૭૫૦ | ૨૨૨૧ |
| સુરજમુખી | ૬૩૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૧૨૫ | ૧૧૭૨ |
| અજમો | ૧૦૦૦ | ૧૮૦૦ |
| સુવા | ૧૫૬૪ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૮ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૪૬૦૦ | ૫૬૦૦ |
| લસણ | ૭૪૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૭૧૧ |
| મરચા સુકા | ૮૦૦ | ૨૪૦૦ |
| ધાણી | ૧૨૬૦ | ૨૦૧૧ |
| વરીયાળી | ૨૪૦૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૪૦૦૧ | ૫૦૦૦ |
| રાય | ૧૦૨૦ | ૧૩૨૦ |
| મેથી | ૮૨૦ | ૧૨૮૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| અશેરીયો | ૧૨૫૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૮૦ |
| રાયડો | ૯૮૦ | ૧૦૮૦ |
| ગુવારનું બી | ૯૨૦ | ૯૩૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૫૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૩૪૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૫૦ |
| તરબુચ | ૧૫૦ | ૨૮૦ |
| બટેટા | ૧૩૦ | ૩૯૦ |
| ડુંગળી સુકી | ૬૫ | ૨૮૫ |
| ટમેટા | ૧૦૦ | ૨૧૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૩૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૩૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૯૫૦ | ૧૨૩૦ |
| ગુવાર | ૧૪૫૦ | ૧૮૨૦ |
| ચોળાસીંગ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| દુધી | ૩૫૦ | ૫૨૦ |
| કારેલા | ૭૦૦ | ૯૦૦ |
| સરગવો | ૧૫૦ | ૪૫૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૯૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૫૦ | ૬૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૧૦ | ૨૩૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૬૫૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૮૦૦ |
| મકાઇ લીલી | ૧૨૦ | ૨૧૦ |
| ગુંદા | ૧૨૦૦ | ૧૬૦૦ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૯૬ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૯૧ |
| મગફળી જીણી | ૭૮૧ | ૧૨૫૧ |
| સિંગ ફાડીયા | ૭૫૦ | ૧૩૮૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૨૦૧ |
| વરીયાળી | ૧૮૧૧ | ૧૮૧૧ |
| ધાણા | ૯૦૧ | ૧૯૭૬ |
| મરચા સૂકા પટ્ટો | ૩૦૧ | ૩૬૦૧ |
| લસણ સુકું | ૪૫૧ | ૧૩૧૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૬૧ |
| અડદ | ૧૦૫૧ | ૧૬૫૧ |
| તુવેર | ૧૦૨૬ | ૧૫૦૧ |
| રાજગરો | ૧૩૧૧ | ૧૩૧૧ |
| રાયડો | ૮૩૧ | ૧૦૩૧ |
| રાય | ૧૦૭૧ | ૧૨૧૧ |
| મેથી | ૬૦૧ | ૧૩૩૧ |
| કાંગ | ૫૦૧ | ૬૦૧ |
| સુરજમુખી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૪૦૧ | ૧૯૫૧ |
| ગુવાર બી | ૯૧૧ | ૯૧૧ |
| મગફળી જાડી | ૭૧૬ | ૧૨૩૧ |
| સફેદ ચણા | ૧૧૨૧ | ૨૨૧૧ |
| તલ - તલી | ૧૮૮૧ | ૨૨૭૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૨૭૬ |
| મરચા સૂકા ઘોલર | ૯૦૧ | ૬૪૦૧ |
| ડુંગળી સફેદ | ૧૧૦ | ૧૫૦ |
| બાજરો | ૩૦૧ | ૩૭૧ |
| જુવાર | ૫૦૧ | ૮૯૧ |
| મગ | ૧૧૦૧ | ૧૭૬૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૧૩૧ |
| વાલ | ૫૫૧ | ૧૨૫૧ |
| વાલ પાપડી | ૧૩૩૧ | ૧૩૩૧ |
| ચોળા / ચોળી | ૧૦૦૧ | ૨૨૦૦ |
| સોયાબીન | ૬૮૧ | ૮૪૧ |
| કળથી | ૭૪૧ | ૭૪૧ |
| ગોગળી | ૯૪૧ | ૧૦૦૧ |
| વટાણા | ૧૭૨૧ | ૧૮૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦ | ૨૦૦ |
| મરચા | ૨૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૬૦૦ |
| કોબી | ૨૦ | ૧૦૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૬૦ | ૩૦૦ |
| કાકડી | ૪૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૫૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૧૦૦ | ૨૪૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૩૦૦ | ૧૨૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૨ | ૩ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૪ | ૫ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| ચૂરણ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૪૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૫ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૧૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૮૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૧૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૫૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૨૪૦ |
| લસણ પુરા | ૨૦ | ૩૦ |
| પાલક પુરા | ૨ | ૫ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| કપાસ | ૭૪૦ | ૧૪૭૧ |
| શિંગ મઠડી | ૭૩૦ | ૧૦૫૩ |
| ગીરનારી શિંગ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| શિંગ મોટી | ૭૨૦ | ૧૦૭૯ |
| શિંગ ફાડા | ૯૭૫ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૭૮૧ | ૨૨૫૨ |
| બાજરો | ૩૯૧ | ૬૪૦ |
| જુવાર | ૪૮૨ | ૮૩૦ |
| ઘઉં ટુકડા | ૪૨૨ | ૭૬૦ |
| ઘઉં લોકવન | ૪૪૩ | ૫૨૩ |
| મકાઈ | ૩૫૦ | ૫૫૧ |
| અડદ | ૭૦૦ | ૧૧૪૧ |
| ચણા | ૭૯૦ | ૧૧૦૦ |
| ચણા દેશી | ૧૦૫૦ | ૧૧૯૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૩૫૭ |
| તુવેર | ૮૨૦ | ૧૪૨૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૯૧ |
| જીરૂ | ૨૭૦૦ | ૪૮૮૦ |
| રાયડો | ૮૦૦ | ૧૦૧૫ |
| રાઈ | ૭૦૦ | ૧૦૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ધાણી | ૧૦૩૦ | ૨૧૨૦ |
| અજમા | ૮૦૦ | ૧૮૫૨ |
| મેથી | ૬૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૬૪૦ | ૮૧૩ |
| મરચા લાંબા | ૨૬૦ | ૧૭૩૦ |
| મરચા દેશી | ૫૩૦ | ૨૦૩૦ |
| વરીયાળી | ૧૧૫૦ | ૧૫૫૦ |
| કાંગ | ૫૭૫ | ૫૯૦ |
| સુવા | ૧૪૦૦ | ૧૪૦૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૨૦૦ | ૩૩૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૬૦ | ૧૨૦ |
| શકકરીયા | ૨૦૦ | ૩૦૦ |
| ટમેટાં | ૧૨૦ | ૧૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૦૦ |
| વટાંણાં | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળા શીંગ | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૪૦ | ૩૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૫૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરો | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૧૦૦ | ૩૦૦ |
| સરગવો | ૨૦૦ | ૩૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૩૦૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૨૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૦ |
| લસણ લીલું | ૭૦૦ | ૮૦૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| લીંબું | ૨૦૦૦ | ૨૫૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૩૬ |
| કપાસ મીડીયમ | ૧૧૨૦ | ૧૩૮૦ |
| મગફળી | ૯૮૯ | ૧૦૧૨ |
| જીરૂ | ૩૮૨૯ | ૫૧૧૧ |
| ઘઉં | ૪૩૫ | ૫૩૫ |
| ચણા | ૧૦૬૭ | ૧૧૦૩ |
| ધાણા | ૧૨૪૦ | ૧૫૮૦ |
| તુવેર | ૧૨૭૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૬૦ | ૧૦૨૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૦ |
| ઘઉં લોકવન | ૩૫૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૫૧૫ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૦૯ |
| મેથી | ૮૧૦ | ૯૦૫ |
| ધાણા | ૭૦૦ | ૧૫૧૨ |
| મગફળી | ૮૦૦ | ૮૫૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| તલ સફેદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૧ |
| શીંગ ફાડા | ૯૪૫ | ૧૧૧૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ચણા સફેદ | ૧૦૭૦ | ૧૧૧૦ |
| જુવાર | ૫૦૦ | ૮૫૦ |
| લશણ | ૮૦૦ | ૧૧૦૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૮૦૧ | ૧૪૨૧ |
| મગફળી | ૭૦૧ | ૯૯૬ |
| શિંગફાડા | ૯૦૧ | ૧૧૫૧ |
| એરંડા | ૧૧૩૬ | ૧૧૩૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૯૫૧ |
| મેથી | ૭૦૦ | ૯૦૧ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૬૦૧ |
| ધાણા | ૯૦૧ | ૧૩૯૬ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૧ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૭૦ | ૪૭૦ |
| બાજરો | ૫૪૦ | ૫૭૫ |
| ઘઉં | ૩૦૦ | ૫૧૫ |
| મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૮૦૦ | ૧૪૧૦ |
| તુવેર | ૬૦૦ | ૧૩૮૫ |
| ચોળી | ૧૫૦૦ | ૨૪૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૧૪૦ |
| મેથી | ૮૫૦ | ૧૨૨૫ |
| ચણા સફેદ | ૧૦૬૦ | ૧૧૫૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૦૦ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૦૩૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| રાયડો | ૯૫૦ | ૧૧૪૫ |
| રાઈ | ૧૦૫૦ | ૧૩૨૫ |
| લસણ | ૫૦૦ | ૧૨૯૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૯૯૫ |
| અજમો | ૧૮૦૦ | ૩૬૭૫ |
| ધાણા | ૯૦૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૭૬૫ |
| ડુંગળી સૂકી | ૫૦ | ૩૫૫ |
| મરચા સૂકી | ૨૪૫ | ૨૩૦૦ |
| સોયાબીન | ૭૧૫ | ૭૯૦ |
| વટાણા | ૬૦૦ | ૨૦૪૦ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૫૧૫ |
| રાજમા | ૨૦૦ | ૧૨૪૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| મગફળી | ૭૪૫ | ૯૫૬ |
| ઘઉં લોકવન | ૪૬૫ | ૫૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૯૬ |
| તુવેર | ૧૨૯૫ | ૧૩૬૧ |
| ધાણા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| એરંડા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| ચોળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મેથી | ૯૦૦ | ૯૫૦ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૦૦ | ૧૦૫૨ |
| શીંગ મોટી | ૯૩૬ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૦૬૬ |
| તલ કાળા | ૪૫૦૦ | --- |
| જીરૂ | ૪૪૦૦ | ૫૦૫૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૭૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| બાજરો | ૪૨૦ | ૫૪૦ |
| જુવાર | ૫૦૦ | ૯૦૧ |
| અડદ | --- | ૧૨૦૦ |
| ચણા | ૧૦૮૦ | ૧૧૪૭ |
| દેશી ચણા | ૧૧૫૦ | ૧૩૬૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૦૧ |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૭૦ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| રાય/રાયડો | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૩૫૦ | ૧૭૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૫૦ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૯૮૧ | ૧૦૬૧ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૩૦ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૦ | ૬૦૨ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૪ |
| રાઇ | ૧૧૦૦ | ૧૧૪૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૪૨ |
| મેથી | ૮૫૦ | ૧૦૪૮ |
| જુવાર | ૬૧૧ | ૮૭૬ |
| એરંડી | ૧૦૩૦ | ૧૧૮૭ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૭ |
| સોયાબીન | ૭૬૦ | ૮૩૮ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૬૨ |
| કપાસ | ૧૨૮૦ | ૧૪૪૯ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૦૦૪ |
| શીંગ ૩૨ | ૯૫૪ | ૧૦૪૦ |
| શીંગ જી૨૦ | ૯૮૦ | ૧૦૬૭ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૬૧ |
| જુવાર | ૩૯૮ | ૮૬૧ |
| બાજરી | ૪૨૦ | ૬૭૨ |
| ઘઉં ટુકડા | ૪૧૫ | ૬૫૨ |
| અડદ | ૯૨૦ | ૧૫૦૦ |
| મગ | ૨૦૪૫ | ૨૦૪૫ |
| ધાણા | ૧૧૩૦ | ૧૪૦૦ |
| મેથી | ૫૦૦ | ૮૩૫ |
| ચણા નં.૩ | ૭૭૫ | ૧૦૯૫ |
| તલ સફેદ | ૧૮૦૧ | ૨૧૨૨ |
| તલ પુરબીયા | ૨૦૫૦ | ૨૦૫૦ |
| તુવેર | ૧૧૭૬ | ૧૩૭૫ |
| જીરૂ | ૪૧૦ | ૪૬૪૬ |
| ડુંગળી લાલ દેશી | ૧૦૦ | ૨૫૪ |
| ડુંગળી સફેદ | ૧૨૨ | ૨૦૯ |
| નાળીયેર | ૬૧૫ | ૨૬૦૦ |

**મોટા લીલીયા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૮૦ | ૧૩૫૯ |
| કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૬૯૫ |
| તુવેર | ૧૦૩૮ | ૧૦૩૮ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૭૦૧ | ૧૦૫૦ |
| તલ સફેદ | ૧૮૧૧ | ૧૮૧૧ |
| તલ પીળા | ૨૦૦૦ | ૨૦૭૦ |
| કપાસ | ૧૧૫૧ | ૧૪૬૦ |
| બાજરો | ૫૦૨ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૧૪ |
| જુવાર | ૬૫૧ | ૯૨૦ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મઠ | ૯૬૫ | ૯૬૫ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૪૦ |
| ચણા | ૯૮૧ | ૧૦૮૫ |
| જીરૂ | ૪૩૨૫ | ૪૩૨૫ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૧ |
| ધાણા | ૯૧૧ | ૧૦૯૦ |
| મેથી | ૮૬૨ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૭૦ | ૭૯૩ |
| સુવા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| કાગ | ૯૦૦ | ૯૦૦ |
| એરંડી | ૯૨૫ | ૧૦૦૦ |

★ ખેડૂતભાઈઓ માટે ★
જીપ્સમ
દહેજ તથા વડોદરાનું
મટીરીયલ્સ
લૂઝ ટ્રક લોડીંગ સપ્લાય ચાલુ:
● એક (૧) પ્રતિ ટન જીપ્સમ ભાવ
● એક (૧) પ્રતિ ટન ટ્રાન્સપોર્ટભાડા
તે મુજબ હોમ ડીલીવરી લોડીંગ
રપથી ૪૦ ટન સુધી
ઓર્ડર તથા જાણકારી માટે સંપર્ક સુત્ર :
મો. ૯૪૨૬૯ ૮૯૫૭૬ પી.બી. ઘાટલીયા
મુ.લાઠી, તા.લાઠી, જી.અમરેલી

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**ધારાસભ્યની સાથે સ્થાનિક પદાધિકારીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિ**

# અમરેલી વિધાનસભા વિસ્તારમાં વિકાસના કામોનું કૌશિક વેકરીયાના હસ્તે લોકાર્પણ

**તમામ વિકાસ કામોમાં સ્થાનિક પદાધિકારીઓ હાજર રહ્યાં હતા**

અમરેલી,તા.૦૭

અમરેલી તાલુકાના શેડુભાર ગામ ખાતે ગ્રામજનોની સુખાકારીમાં વધારો થાય તેમજ પંચાયતની સુવિધાઓ મેળવવામાં સરળતા રહે તે માટે ૧૮ લાખથી વધુના ખર્ચે ગ્રામપંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું તેમજ લાલાવદર ગામે ૧૨ લાખથી વધુ રકમના ખર્ચે ગ્રામપંચાયત ભવનનું લોકાર્પણ તેમજ ગામના દાતાઓ, આગેવાનો તથા સમસ્ત ગ્રામજનોના માધ્યમથી નવનિર્માણ પામનાર રામદેવપીર મંદિરનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. સાથોસાથ તાજેતરમાં વડીયા મુકામે જાહેર પરિવહન સાથે સંકળાયેલા લોકો તેમજ તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો દ્વારા મળેલ રજૂઆતના આધારે



યાત્રિકોની સુવિધામાં વધારો કરવા ઘણા સમયથી જર્જરિત હાલતમાં રહેલ એસટી બસ ડેપોનું ૪૨ લાખના ખર્ચે નવનીકરણ થયેલ બસ ડેપોનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. ઉનાળાની પરિસ્થિતિને ધ્યાને લઈ પાણીની સંગ્રહ ક્ષમતામાં વધારો કરવા તેમજ ખેડૂતોને પડતી અગવડને ધ્યાને લઈ ખજુરી પીપળીયા તથા રંગપુર મુકામે લોક ભાગીદારીથી તથા સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી તળાવ ઊંડા કરવાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતુ. આ તમામ વિકાસ કામોમાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની સાથે સ્થાનિક પદાધિકારીઓ હાજર રહ્યાં હતા. ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના કામો હાથ ધરવામાં આવતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી.

**લોકો પાયલોટની સતર્કતાથી બે સિંહોના જીવ બચતા સિંહપ્રેમીઓમાં આનંદ**

# રેલવે ટ્રેક નજીક જ બે સિંહ ચાલતા હોવાથી અમરેલી-વેરાવળ ટ્રેનને થંભાવી દેવાઈ

અમરેલી,તા.૦૭

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે તા.૭ના રોજ લોકો પાયલોટ ચન્દન કુમાર અને સહાયક લોકો પાયલટ રઠોર કેતન દ્વારા વિસાવદર - કાંસિયાનેશ સેક્શનમાં કિ.મી. સં. ૧૦૭/૦-૧૦૭/૦૧ વચ્ચે રેલવે ટ્રેક પર બે સિંહોને ચાલતા જોતા



ટ્રેન નંબર ૫૨૯૪૬ અમરેલી-વેરાવલ પેસેન્જર ટ્રેનને તરત જ ઈમરજન્સી બ્રેક લગાવીને અટકાવવામાં આવી હતી. લોકો પાયલટ દ્વારા ટ્રેન મેનેજરને જાણ કરવામાં આવી હતી. ફોરેસ્ટ ટ્રેકર રાણાભાઈ દ્વારા ટ્રેક ક્લિયર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, જ્યારે તમામ સ્થિતિ સામાન્ય જોવા મળી, ત્યારે ટ્રેનને ગંતવ્ય સ્ટેશન પર લઈ જવામાં આવી હતી. લોકો પાયલોટની સતર્કતાને કારણે બે સિંહનો જીવ બચતા સિંહપ્રેમીઓમાં આનંદ ફેલાયો હતો.

# ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૫ એપ્રિલ પછી જાહેર થવાની સંભાવના

ગાંધીનગર, તા.૦૭

ગુજરાત બોર્ડ દ્વારા રાજ્યમાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામને જાહેર કરવાની તારીખને લઈ મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આગામી ૧૫ એપ્રિલ પછી જાહેર કરવામાં આવશે. ત્યારે એપ્રિલ મહિનાના અંતિમ સપ્તાહમાં સામાન્ય પ્રવાહનું પરિણામ પણ જાહેર કરવામાં આવશે. ત્યારે જો ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવાની વાત કરીએ તો મે મહિનામાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર થઈ શકે છે. ગુજરાત બોર્ડ દ્વારા પરિણામની તૈયારીઓ આખરી તબક્કામાં છે. ઉલ્લેખનીય છે કે હજુ સુધી બોર્ડની પરીક્ષાના પરિણામ જાહેર થવાની કોઈ ચોક્કસ તારીખ સામે આવી નથી. જો કે પહેલા ધોરણ ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવે છે, કારણ કે ત્યારબાદ વિદ્યાર્થીઓને અલગ અલગ કોલેજમાં એડમિશન લેવાની પ્રક્રિયા પણ જૂન મહિનામાં શરૂ થતી હોય છે.

# ઉનાના સીમાસી ગામે ભાગવત સપ્તાહ દરમ્યાન સામાજિક સમરસતાના દશ્યો સર્જાયાં

ઉના,તા.૦૭

ઉના તાલુકાના ડોળાસા પાસે સીમાસી ગામે ગોપી મંડળ દ્વારા યોજાયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞ દરમ્યાન સામાજિક સમરસતાના ભાવુક દશ્યો સર્જાયા હતા. ગોપી મંડળની બહેનોએ ધૂન-ભજનના કાર્યક્રમ દ્વારા કેટલીક રકમ જમા કરીને ગામમાં ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું આયોજન કર્યું હતું. ગામમાં હિન્દુ સમાજની દરેક જ્ઞાતિ જાતિઓએ તેમાં પોતાનો સંપૂર્ણ સહકાર આપેલ, એટલું જ નહીં પણ ગામના સીમ વિસ્તારમાં વસતા ઘુમંતુ સમાજ જેવા કે સરાણીયા, નટ, કાંગસિયા વગેરે જ્ઞાતિજનોએ પણ આ ધાર્મિક મહોત્સવમાં ભાગ લીધેલ.



તસ્વીર : અનીલ કાનાબાર

સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોઈપણ જાતના ભેદભાવ વગર ગ્રામજનોએ એક પંગતમાં બેસીને ભોજન ગ્રહણ કરેલ. બહારગામ સાસરે ગયેલી બહેનો દીકરીઓને પણ આ પ્રસંગે ખાસ આમંત્રણ આપવામાં આવેલ. આ તકે આયોજક મંડળ તરફથી RSSના કાર્યકર્તાઓનું સન્માન કરવામાં આવેલ. મંડળના બહેનો દ્વારા સીમ વિસ્તારમાં રહેતી ઘુમંતુ સમાજની બહેનોનું શાલ ઓઢાડીને સન્માન કરીને આપણે બધા એક માતાના સંતાન છીએ તે વાત પ્રસ્થાપિત કરેલ.

# બાબરામાં રામનવમીની ભવ્ય શોભાયાત્રા, કોમી એકતાનું ઉદાહરણ જોવા મળ્યું

બાબરા, તા.૦૭

બાબરા શહેરમાં રામનવમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટા રામજી મંદિરથી નીકળેલી આ શોભાયાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને સમસ્ત હિન્દુ સમાજના હજારો ભક્તો જોડાયા હતા. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જ્યાં વિવિધ સ્થળોએ તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન ઠેર-ઠેર પાણી અને શરબતની વ્યવસ્થા



કરવામાં આવી હતી. શોભાયાત્રા તાપડિયા આશ્રમ ખાતે પહોંચી હતી, જ્યાં ભગવાન શ્રીરામની મહાઆરતી કરવામાં આવી હતી. ત્યારબાદ ભક્તોએ પ્રસાદ લીધો હતો. શોભાયાત્રામાં કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.

# ગાંધીનગરમાં ચાલી રહેલી આરોગ્ય કર્મચારીઓની હડતાલ સમેટાતા સરકારને આંશિક રાહત

ગાંધીનગર,તા.૦૭

ગાંધીનગરમાં ૧૭ માર્ચથી ચાલી રહેલી આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ આજે સમેટાઈ ગઈ છે. મહાસંઘે તમામ કર્મચારીઓને તાત્કાલિક નોકરી પર પરત ફરવા આદેશ આપ્યો છે. મહાસંઘના પ્રમુખ રણજીતસિંહ મોરીએ જણાવ્યું કે, ૩૩ જિલ્લાના પ્રમુખ, મહામંત્રી અને મુખ્ય કન્વીનરની સંયુક્ત કારોબારી મિટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. હડતાળને ત્રણ મહિના માટે સ્થગિત કરવામાં આવી છે. આ સમયગાળામાં સરકાર કર્મચારીઓની માંગણીઓ અંગે નિર્ણય લેશે. આંદોલન દરમિયાન સરકારે એસ્મા લાગુ કરીને ૨૧૦૦થી વધુ કર્મચારીઓને છૂટા કરવાના હુકમો કર્યા હતા. મોરીના જણાવ્યા અનુસાર,



સરકાર એસ્મા હેઠળની કાર્યવાહીમાં હકારાત્મક અભિગમ અપનાવશે. ગ્રેડ પે અંગે પણ સરકાર વિચારણા કરવા તૈયાર છે. જો ત્રણ મહિનામાં સરકાર તરફથી માંગણીઓ અંગે કોઈ જી.આર., ઠરાવ કે નિકાલ નહીં આવે તો ફરી હડતાળ શરૂ કરવામાં આવશે. આ અંગે ૩૩ જિલ્લાના પ્રતિનિધિઓ અને રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના હોદ્દેદારોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવશે. મહાસંઘે તમામ કર્મચારીઓને ઓફિસ સમય દરમિયાન પોતાની કચેરીમાં ફરજિયાત હાજર થવા આદેશ આપ્યો છે.

# અંગુઠા છાપ નેતાઓએ જેટલું વિધાનસભામાં રાજ કર્યું એટલા વર્ષ અમે ભણ્યા છીએ : વ્યાયામ શિક્ષકો

ગાંધીનગર,તા.૦૭

ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકની કાયમી ભરતી ન થતાં શિક્ષકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. વ્યાયામ શિક્ષકોએ ગાંધીનગરમાં છેલ્લા ૨૨ દિવસથી ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. ૨૨ દિવસના આંદોલન દરમિયાન શિક્ષકોએ અંગ કસરત, સૂર્ય નમસ્કાર સહિત યોગ કરીને પોલીસની અટકાયત વહોરી તોય સરકારના પેટનું પાણી હલતું નથી. લાંબા સમયથી પોતાની પડતર માંગણીઓ નહીં સંતોષાતા વ્યાયામ શિક્ષકો છેલ્લા ૨૨ દિવસથી ગાંધીનગરમાં આંદોલન કરી રહ્યા છે. ગઈકાલે ૨૧મા દિવસે રામનવમીના દિને વ્યાયામ વીરોએ ભગવાન શ્રીરામને પત્ર લખીને



૧૫ વર્ષથી માંગવામાં આવતી પડતર માંગનો વનવાસ પૂર્ણ કરવા પ્રાર્થના કરી હતી. ત્યારે આજે સત્યાગ્રહ છાવણી એકઠા થયેલા વ્યાયામ વીરોએ જણાવ્યું કે, અમે માસ્ટર ડિગ્રીથી લઈ પીએચડી સુધી ભણેલા છીએ, તોય સરકાર નોકરી આપતી નથી. એટલે આજે અમે ડિગ્રી વેચવા ભેગા થયા છીએ. બધાની જોડે એટલી ડિગ્રી છે કે, આ અંગૂઠા છાપ નેતાઓએ જેટલા વર્ષો વિધાનસભામાં રાજ કર્યું એટલા વર્ષો અમે ભણ્યા છીએ.

# કોડીનારમાં સીતારામ ગ્રુપ દ્વારા શ્રી હનુમાનજી જન્મની ભવ્ય ઉજવણી કરવામાં આવશે

કોડીનાર, તા.૭

કોડીનારની ધર્મપ્રેમી જનતાને જણાવવાનું કે કોડીનાર એકતા ચોક પાસે આવેલ શ્રી ચેતન હનુમાનજી દાદાના મંદિરે સીતારામ ગ્રુપ દ્વારા હનુમાનજી જન્મોત્સવ નિમિત્તે ભવ્ય અને ભક્તિમય કાર્યક્રમ તારીખ ૧૨ એપ્રિલ, શનિવારના રોજ શ્રી ચેતન હનુમાનજી મંદિર પરિસરમાં સિંતારામ ગ્રુપ દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે. આ પાવન અવસરે ગીર સોમનાથ જિલ્લામાં પ્રથમવાર મુંબઈના પ્રસિદ્ધ અને જાણીતા ક્ષત્રિય નાશિક ઢોલ તાશા ટીમ પોતાના ઢોલના નાદ સાથે ધ્વજારોહણ તેમજ રાત્રે ૧૦:૦૦ વાગે યોજાનારી મહાઆરતીમાં વિશેષ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ અંતર્ગત સવારે કષ્ટભંજન યજ્ઞ, બટુકભોજન અને અન્ય અનેક ભક્તિસભર કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. સમગ્ર પરિસર ભક્તિ, શ્રદ્ધા અને અધ્યાત્મના અનુભવો સાથે ગુંજી ઉઠશે. આ અનન્ય ધાર્મિક મહોત્સવના પવિત્ર અવસરે તમામ ધર્મપ્રેમી ભક્તજનો અને ભાઈઓ-બહેનોને રાત્રિ શણગાર, મહાઆરતી અને શ્રી હનુમાનજીના પાવન દર્શન માટે સીતારામ ગ્રુપ કોડીનાર તરફથી તાલુકા અને શહેરની સનાતની ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

# ડોળાસામાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી, શોભાયાત્રામાં ભક્તો લીન

કોડીનાર,તા.૦૭

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે રામનવમી નિમિત્તે રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગામના રામ મંદિર, વિરાબાપા



તસ્વીર : અનીલ કાનાબાર

મંદિર અને જલારામ મંદિરમાં ભક્તિભાવનો માહોલ છવાયો હતો. સવારથી જ ભક્તો રામ મંદિરમાં દર્શન કરવા માટે ઉમટી પડ્યા હતા. રામ જન્મોત્સવ નિમિત્તે વિશેષ પૂજા અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. રામ મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. શોભાયાત્રામાં ભક્તો રામધૂનમાં લીન થઈ ગયા હતા.

# સાવરકુંડલામાં પ્રથમ વખત હનુમાન ચરિત કથાનો પ્રારંભ

સા.કુંડલા, તા.૦૭

સાવરકુંડલા શહેરના લુહાર સોસાયટી ખોડિયાર ચોક હાથસણી રોડ ખાતે આવેલા પંચમુખી હનુમાન મંદિરમાં હનુમાન ચરિત કથાનો ભવ્ય પ્રારંભ થયો છે. કથાના પ્રારંભ પહેલાં, સાંજે પાંચ વાગ્યે ઉતાવળા હનુમાન મંદિરથી પંચમુખી હનુમાન મંદિર સુધી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી, કથાના પ્રથમ દિવસે વક્તા કૌશિકગીરી બાપુએ હનુમાન ચાલીસા અને સુંદરકાંડના મહત્વ વિશે વિગતવાર વર્ણન કર્યું હતું. કથા દરમિયાન રામજન્મ, હનુમાન



જન્મ, રામ-હનુમાન મિલન જેવા પ્રસંગોનું વર્ણન કરવામાં આવશે. આ કથા ૪-૪-૨૫ થી ૧૦-૪-૨૫ સુધી યોજાશે. આ કથાનું આયોજન પંચમુખી હનુમાન મિત્ર મંડળ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં રામાનંદી સાધુ સમાજ, વિશ્વ હિન્દુ પરિષદ, સુંદરકાંડ પરિવાર અને અન્ય ધાર્મિક સંગઠનોએ સહયોગ આપ્યો છે.

# ધોરાજી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રામનવમીએ શોભાયાત્રા નીકળી

ધોરાજી, તા.૦૭

ધોરાજી ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રામનવમીના દિવસે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં સાધુ સંતો, રાજકીય અને સામાજિક આગેવાનો, સરકારી અધિકારીઓ અને નગરજનો જોડાયા હતા. વહેલી સવારે ધોરાજીના રામ મંદિર ખાતે શ્રી રામ-લલ્લાનું પૂજન કરી



તસવીર : નયન કુહાડિયા

ત્યારબાદ જય શ્રી રામના જયઘોષ સાથે શોભાયાત્રા નીકળી હતી. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી, જેમાં સુશોભિત ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શોભાયાત્રા નિહાળવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા શોભાયાત્રામાં શરબત અને ઠંડાપીણાની સેવા આપવામાં આવી હતી. શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરીને રામ મંદિર ખાતે પહોંચી હતી. રામ મંદિરે બપોરે ૧૨:૦૦ કલાકે મહા આરતી કરવામાં આવી હતી.

# જસદણમાં નવનિર્મિત શ્રી રામેશ્વર મહાદેવ મંદિર ખાતે ત્રિદિવસીય પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરાશે

જસદણ,તા.૦૭

જસદણમાં આટકોટ રોડ પર આવેલી સોલીટેર સોસાયટીના રહીશો દ્વારા સાર્વજનિક પ્લોટમાં ભગવાન શિવજીનું મંદિર બનાવવામાં આવ્યું છે. જેનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા.૮ થી ૧૦ સુધી ઉજવાશે અને ભગવાન શિવ પરિવારની લિંગ-મૂર્તિ બિરાજમાન કરાશે. આ ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન સોસાયટીના શ્રીરામેશ્વર મહાદેવ યુવક મંડળ, મહિલા મંડળ તેમજ સમસ્ત સોલીટેર સોસાયટી પરિવારના સહયોગથી કરવામાં આવ્યું છે. મહોત્સવમાં તા.૮ ને મંગળવારે રાત્રે હનુમાન ચાલીશાના પાઠ અને રાસ-ગરબા, તા.૯ ને બુધવારે રાત્રે ૯ કલાકે ભવ્ય લોકડાયરો યોજાશે જેમાં કિશોરગીરી ગોસ્વામી, અલ્પાબેન પરમાર, દેવલભાઈ મહેતા(સાહિત્યકાર), રામજીભાઈ પંચાસરા, રમેશભાઈ કાપડી અને કરણભાઈ મહેતા સહિતના નામી-અનામી કલાકારો ભજનની રમઝટ બોલાવશે. તેમજ તા.૧૦ ને ગુરૂવારે સાંજે ૭ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

**CHANGE OF NAME**

I Undersigh PATEL PRAKASHBHAI BABUBHAI have changed my name from PATEL PRAKASHKUMAR BABULAL To PATEL PRAKASHBHAI BABUBHAI Now i will be known as PATEL PRAKASHBHAI BABUBHAI

Sigh : PATEL PRAKASHBHAI BABUBHAI

Address : 304, SHIVAM HIGHTS, KERIYA ROAD, MANEKPARA-2, AT-AMRELI, DIST–AMRELI-365601

# પશ્ચિમ બંગાળમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા ગોટાળાપૂર્ણ અને વિશ્વસનીયતાનો અભાવ : સુપ્રીમ

કોલકતા,તા.૭



પશ્ચિમ બંગાળના ૨૦૧૬ના એસએસસી કૌભાંડની સુનાવણી બાદ, સુપ્રીમ કોર્ટે કલકત્તા હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો છે અને ત્રણ મહિનાની અંદર નવી ભરતી શરૂ કરવા જણાવ્યું છે. કોર્ટે ૨૦૧૬ માં SSC ભરતી માટે સમગ્ર પેનલ રદ કરી દીધી છે. દેશની સુપ્રીમ કોર્ટે કહ્યું કે સમગ્ર પ્રક્રિયા ગોટાળાપૂર્ણ હતી અને તેમાં વિશ્વસનીયતાનો અભાવ હતો. ગયા ગુરુવારે, સુપ્રીમ કોર્ટે ૨૫,૭૫૨ શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની નિમણૂકો રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને સમર્થન આપ્યું હતું. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ સંજય કુમારની ડિવિઝન બેન્ચે કહ્યું કે તેમને કલકત્તા હાઈકોર્ટના આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી લાગતી. કોર્ટે આદેશ આપ્યો કે આગામી ત્રણ મહિનામાં નવી ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવે.

ચુકાદામાં કહેવામાં આવ્યું છે કે લાયક અને અયોગ્ય વચ્ચે ભેદ પાડવો શક્ય નથી. જે લોકોને ૨૦૧૬ માં નોકરી મળી હતી તેઓ નવી ભરતી પ્રક્રિયા માટે અરજી કરી શકશે. જે લોકો ૨૦૧૬ SSC દ્વારા અન્ય સરકારી નોકરીઓ છોડીને શાળાની નોકરીઓમાં જોડાયા છે તેઓ તેમની જૂની નોકરીઓ પર પાછા આવી શકશે. જેમને અયોગ્ય જાહેર કરવામાં આવ્યા છે તેઓ હવે પરીક્ષામાં બેસી શકશે નહીં. તેમને ૧૨ ટકાના વ્યાજ સાથે તેમનો પગાર પરત કરવા કહેવામાં આવ્યું છે. પસંદગી પ્રક્રિયા કેવી રીતે હાથ ધરવામાં આવશે અને પરીક્ષામાં કોણ બેસી શકશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટ સમજણ નથી.

# બંને દેશોનાં સંબંધોને મજબૂત બનાવવા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની રાજકીય મુલાકાતે રવાના

નવી દિલ્હી,તા.૭



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાકિયાની તેમની બે દેશોની રાજ્ય મુલાકાતના પ્રથમ તબક્કામાં પોર્ટુગલની રાજધાની લિસ્બન જવા રવાના થયા છે. આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવાનો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પોર્ટુગલ અને સ્લોવાક રિપબ્લિકની ઐતિહાસિક રાજકીય મુલાકાત માટે રવાના થયા છે. ૨૫ વર્ષથી વધુ સમયમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આ બંને દેશોની આ પહેલી રાજકીય મુલાકાત છે. આ મુલાકાતો બે મહત્વપૂર્ણ EU ભાગીદારો સાથે ભારતના બહુપક્ષીય સંબંધોને વધુ વિસ્તૃત કરશે, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું. પોર્ટુગલની તેમની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ મુર્મુ પોર્ટુગલના રાષ્ટ્રપતિ માર્સેલો રેબેલો ડી સોસાને મળશે અને પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે. તે પોર્ટુગીઝના વડાપ્રધાન લુઈસ મોન્ટેનેગ્રો અને નેશનલ એસેમ્બલીના સ્પીકર જોસ પેડ્રો એગુઆર-બ્રાકોને પણ મળશે.

સ્લોવાકિયામાં, રાષ્ટ્રપતિ મુર્મુ દેશના રાષ્ટ્રપતિ પીટર પેલેગ્રિની અને વડાપ્રધાન રોબર્ટ ફિકો સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે. ૨૯ વર્ષમાં કોઈ ભારતીય રાષ્ટ્રપતિની સ્લોવાકિયાની આ પહેલી મુલાકાત હશે. રાષ્ટ્રપતિની આ રાજ્ય મુલાકાત ભારત, પોર્ટુગલ અને સ્લોવાકિયા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત અને વિસ્તૃત કરવાની તક પૂરી પાડશે અને ભારત-ઈયુ સંબંધોને પણ મજબૂત બનાવશે.

# વક્ફ એક્ટને લઈને જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં ભારે હોબાળો

(એચ.એસ.એલ),શ્રીનગર,તા.૭

વકફ સુધારા બિલ હવે કાયદો બની ગયું છે, પરંતુ તેના પર હોબાળો ચાલુ છે. વક્ફ એક્ટને લઈને જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં ભારે હોબાળો થયો છે. આ હંગામો વિપક્ષ દ્વારા નહીં પરંતુ શાસક નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યો દ્વારા કરવામાં આવ્યો છે. આજે વિધાનસભાની કાર્યવાહી શરૂ થતાં જ નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યએ આ કાયદા વિરુદ્ધ સ્થગિત પ્રસ્તાવ લાવવાની માંગ કરી. જ્યારે ભાજપના ધારાસભ્યોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો, ત્યારે નેશનલ કોન્ફરન્સના ધારાસભ્યોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. આ મુદ્દે મહેબૂબા મુફ્તીની પાર્ટીના ધારાસભ્યો પણ નેશનલ કોન્ફરન્સ સાથે જોવા મળ્યા હતા. જ્યારે ભાજપે તેને બંધારણ વિરોધી ગણાવ્યું. સોમવારે વકફ સુધારા બિલ પર ચર્ચા માટે પ્રશ્નકાળ મુલતવી રાખવાની મંજૂરી ન આપવાના મુદ્દે થયેલા હોબાળા વચ્ચે, સ્પીકર અબ્દુલ રહીમ રાથેરે ગૃહને ૧૫ મિનિટ માટે મુલતવી રાખ્યું હતું.

# સરકાર ખેડૂતોનું દેવું માફ કરે છે અને ખેડૂત તે પૈસા લગ્નમાં ખર્ચ કરે છે : મહારાષ્ટ્ર કૃષિ મંત્રી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૭



મહારાષ્ટ્રના કૃષિ મંત્રી માણિકરાવ કોકાટેએ તાજેતરમાં ખેડૂતો અંગે એક નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે, સરકાર ખેડૂતોનું દેવું માફ કરે છે અને ખેડૂત તે પૈસા લગ્નમાં ખર્ચ કરે છે. તેઓ લોન માફીના પૈસાથી પોતાના બાળકોના લગ્ન કરાવે છે. આ પછી, વિપક્ષે તેમના નિવેદન પર તેમને ઘેરવાનું શરૂ કર્યું છે. એનસીપીના અજિત પવાર જૂથના એક નિવેદનને કારણે મહારાષ્ટ્રમાં રાજકારણ ગરમાયું છે. હકીકતમાં, મહારાષ્ટ્રના કૃષિ મંત્રી માણિકરાવ કોકાટેએ કહ્યું હતું કે, ખેડૂતો લોન માફીની રાહ જોતા ૫ થી ૧૦ વર્ષ સુધી તેમની લોન ચૂકવતા નથી. આ પૈસાથી તેઓ તેમના બાળકોની સગાઈ અને લગ્નની વ્યવસ્થા કરે છે. ખેડૂતો ખેતીમાં એક રૂપિયો પણ રોકાણ કરતા નથી. રાજ્યના કૃષિ મંત્રી માણિકરાવ કોકાટેએ પાક લોન માફી અંગે નિવેદન આપ્યું છે. કોકાટેએ જણાવ્યું હતું કે લોન માફીના પૈસા મળ્યા પછી, ખેડૂતો તેમના બાળકોની સગાઈ અને લગ્ન કરાવે છે. કોકાટેના નિવેદનને કારણે વિપક્ષ તેમની સામે આક્રમક બન્યો છે. પ્રદેશ કોંગ્રેસે કોકાટેને બરતરફ કરવાની માંગ કરી છે. તે જ સમયે, શાસક ભાજપ પણ ગુસ્સે થઈ ગયું છે.

# દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ગરમીમાં વધારો, ૨૧ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રીને પાર

નવીદિલ્હી,તા.૭

ગરમીના કારણે લોકોને દિવસ દરમિયાન બહાર નીકળવામાં મુશ્કેલી પડી રહી છે. સૂર્ય તેજસ્વી રીતે ચમકી રહ્યો છે અને ગરમ પવન ફૂંકાઈ રહ્યો છે. દિલ્હી સહિત ઘણા રાજ્યોમાં ગરમીનું મોજું દિવસેને દિવસે ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. એપ્રિલના પહેલા અઠવાડિયામાં ગરમીની અસર દેખાવા લાગી છે. દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને હરિયાણા સહિત ઘણા રાજ્યોમાં તાપમાન દિવસેને દિવસે વધી રહ્યું છે. રવિવારે ભારતના પાંચ રાજ્યોના ૨૧ શહેરોમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ અને તેથી વધુ તાપમાન નોંધાયું હતું. દિલ્હીમાં ભીષણ ગરમી શરૂ થઈ ગઈ છે. દિલ્હી ઉપરાંત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત અને ઓડિશાના શહેરોમાં ગરમીનું મોજું સતત તબાહી મચાવી રહ્યું છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં એપ્રિલના પહેલા અઠવાડિયામાં તાપમાનમાં ઝડપથી વધારો થયો છે.

# વારાણસીમાં ૧૯ વર્ષીય યુવતી પર મુસ્લિમ બોયફ્રેન્ડ સહિત ૬ મિત્રોનો સામૂહિક બળાત્કાર

(એચ.એસ.એલ),વારાણસી,તા.૭



ઉત્તર પ્રદેશના વારાણસીમાં ૧૯ વર્ષની યુવતી પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે. છોકરીએ તેના પરિવારને જણાવ્યું કે ૨૯ માર્ચે તેનો બોયફ્રેન્ડ તેને માલદાહિયાના એક હુક્કા બારમાં લઈ ગયો હતો. તેના અન્ય સાથીઓ પણ ત્યાં હતા. બે યુવાનો તે છોકરીના પરિચિત હતા. જ્યારે, તેણીને બાકીની ખબર નહોતી. હુક્કા બારમાં, તેઓએ છોકરીને નશીલા પીણાં પીવડાવ્યા અને તેના પર બળાત્કાર ગુજાર્યો. ૭ દિવસ સુધી, તેઓ હુક્કા બાર અને અલગ અલગ હોટલમાં છોકરી પર ગેંગરેપ કરતા રહ્યા. પોલીસે કેટલાક આરોપીઓની ધરપકડ કરી છે. બાકીના લોકોની શોધ ચાલુ છે.

મળતી માહિતી મુજબ, લાલપુર-પાંડેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના હુકુલગંજની આ યુવતી ૨૯ માર્ચથી ગુમ હતી. પરિવારે પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ૪ એપ્રિલની સાંજે છોકરીને શોધી કાઢી હતી.

પરિવારની ફરિયાદના આધારે, પોલીસે ૬/૭ એપ્રિલના રોજ કેસ દાખલ કર્યો હતો. યુવતી પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં હુક્કા બાર સાથે સંકળાયેલા એક વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

# સીમાંકન પ્રક્રિયા સંબંધિત ચિંતાઓ પર મેમોરેન્ડમ સુપરત કરવા મુખ્યમંત્રી સ્ટાલિને પ્રધાનમંત્રી પાસે સમય માંગ્યો

ચેન્નાઈ,તા.૭



તમિલ ભાષા પર ચાલી રહેલા ભાષા વિવાદ વચ્ચે પીએમ મોદી તમિલનાડુની મુલાકાતે ગયા, અહીં તેમણે ઘણા પ્રોજેક્ટ્સ પણ શરૂ કર્યા હતા. જોકે, તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિન તેમના કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતા. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને કહ્યું કે વડાપ્રધાન મોદીએ પ્રસ્તાવિત સીમાંકન પ્રક્રિયા અંગે રાજ્યના લોકોના ડરને દૂર કરવો જોઈએ. સીએમ સ્ટાલિને એક સત્તાવાર કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, મોદીએ એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે સંસદમાં એક ઠરાવ પસાર થાય જેથી તમિલનાડુના અધિકારો પર કાપ ન આવે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને અનેક પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું અને લોકપ્રિય પર્યટન સ્થળ માટે નવી યોજનાઓની જાહેરાત કરી. બાદમાં, સભાને સંબોધતા, સીએમ સ્ટાલિને કહ્યું કે તેમણે પ્રસ્તાવિત સીમાંકન સંબંધિત ચિંતાઓ પર મેમોરેન્ડમ સુપરત કરવા માટે વડાપ્રધાનને મળવાનો સમય માંગ્યો છે. સભાને સંબોધતા તેમણે કહ્યું, ‘‘અમે સીમાંકન અંગે મેમોરેન્ડમ રજૂ કરવા માટે સમય માંગ્યો છે. હું આ સરકારી કાર્યક્રમમાં હાજરી આપી રહ્યો હોવાથી, મેં તેમને તેમની બેઠકમાં હાજરી આપવા માટે મારી અસમર્થતા જણાવી છે. મેં મારા મંત્રીઓ - ટી. થેન્નારાસુ અને રાજા કન્નપ્પનને આ કાર્ય માટે મોકલ્યા છે. આ બેઠક દ્વારા, હું વડાપ્રધાનને સીમાંકન અંગેની શંકાઓ દૂર કરવા વિનંતી કરું છું.

# અબુધાબીનાં બીએપીએસ મંદિરમાં રામ જન્મોત્સવની ભક્તિભાવથી ઉજવણી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૭



સમગ્ર વિશ્વમાં સંવાદિતાના સીમાચિહ્ન સમા, સનાતન હિન્દુ ધર્મના ગૌરવ એવા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર, અબુધાબીમાં ભગવાન શ્રી રામના જન્મોત્સવની અનેરા ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

અબુધાબી મંદિરના મુખ્ય કાર્યવાહક સંત એવા પૂ. બ્રહ્મવિહારી સ્વામીના જણાવ્યા પ્રમાણે રવિવારે રામનવમી નિમિત્તે સવારથી અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો મંદિરમાં દર્શન માટે ઊમટી પડ્યા હતા.

# મધ્યપ્રદેશની મિશનરી હોસ્પિટલમાં નકલી ડોક્ટરે સર્જરી કરતા ૭નાં મોત

દમોહ,તા.૦૭

મધ્યપ્રદેશના દમોહમાં ખ્રિસ્તી મિશનરીની મિશન હોસ્પિટલમાં હૃદયની સર્જરી દરમિયાન સાત મૃત્યુ થતા આરોપી સામે પહેલો કેસ નોંધવામાં આવ્યો છે. આ કિસ્સામાં, જિલ્લાના મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી, ડૉ. એમ.કે. જૈન મોડી રાત્રે કોતવાલી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને સર્જરી કરનારા નકલી ડૉક્ટર, ડૉ. એન. જોન કેમ વિરુદ્ધ કેસ દાખલ કર્યો. કોતવાલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆરમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ગયા મહિને મિશન હોસ્પિટલમાં થયેલા મૃત્યુ માટે કાર્ડિયોલોજિસ્ટ ડૉ. એન. જોન કેમ જવાબદાર હતા. એવો આરોપ છે કે કાર્ડિયોલોજિસ્ટ ડૉ. એન. જોન કેમ એક નકલી ડૉક્ટર છે. કલેક્ટર દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિ દ્વારા મળેલા તથ્યો અનુસાર, ડૉ. કેમના રેકોર્ડ પરના દસ્તાવેજો સાચા નથી.

# પ્રધાનમંત્રીની મુલાકાત બાદ ૧૪ માછીમારોને મુક્ત કરતું શ્રીલંકા

(એચ.એસ.એલ),કોલંબો,તા.૭



શ્રીલંકાએ રવિવારે એક ખાસ પહેલ હેઠળ ઓછામાં ઓછા ૧૪ ભારતીય માછીમારોને મુક્ત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માછીમારોના મુદ્દા પર માનવતાવાદી અભિગમ અપનાવવાની હાકલ કર્યાના એક દિવસ બાદ આ પગલું લેવામાં આવ્યું છે. શનિવારે વડાપ્રધાન મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે વચ્ચેની વાતચીત દરમિયાન માછીમારોનો મુદ્દો મુખ્ય રીતે ઉઠાવવામાં આવ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે શ્રીલંકાએ એક ખાસ પહેલ તરીકે ૧૪ ભારતીય માછીમારોને મુક્ત કર્યા છે. દિસાનાયકે સાથે મુલાકાત બાદ, મોદીએ મીડિયાને આપેલા નિવેદનમાં કહ્યું, ‘‘અમે માછીમારોની આજીવિકા સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. અમે સંમત થયા કે આપણે આ બાબતમાં માનવતાવાદી અભિગમ અપનાવીને આગળ વધવું જોઈએ.’’

# નેતન્યાહૂની અમેરિકા મુલાકાત વચ્ચે ઈઝરાયલનો ગાઝામાં રોકેટ વડે બોમ્બમારો, ૩૨ના મોત

(એચ.એસ.એલ),ગાઝા,તા.૭



અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ મળી શકે છે. ટ્રમ્પના ત્રીજા કાર્યકાળ દરમિયાન વ્હાઈટ હાઉસ ખાતે નેતન્યાહૂની આ બીજી મુલાકાત હશે. વડાપ્રધાને કહ્યું કે તેઓ ટ્રમ્પ સાથે યુદ્ધ અને ઈઝરાયલ પર લાદવામાં આવેલા નવા ૧૭ ટકા ટેરિફ અંગે ચર્ચા કરશે. નેતન્યાહૂની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ઈઝરાયલે હમાસ આતંકવાદી જૂથ પર દબાણ લાવવા માટે ગાઝામાં એક નવા સુરક્ષા કોરિડોરમાં સૈનિકો તૈનાત કર્યા છે. નેતન્યાહૂના સંરક્ષણ પ્રધાને કહ્યું છે કે ઈઝરાયલ મોટા વિસ્તારો કબજે કરશે અને તેમને તેના સુરક્ષા ક્ષેત્રમાં સમાવિષ્ટ કરશે.

દરમિયાન, ઈઝરાયલે ગાઝા પટ્ટીમાં શ્રેણીબદ્ધ હુમલાઓ કર્યા, જેમાં ઓછામાં ઓછા ૩૨ લોકો માર્યા ગયા. મૃતકોમાં એક ડઝનથી વધુ મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. તમને જણાવી દઈએ કે ઈઝરાયલે ગયા મહિને હમાસ સાથેનો યુદ્ધવિરામ સમાપ્ત કર્યો હતો અને આતંકવાદી જૂથ હમાસ પર નવા કરારને સ્વીકારવા અને બાકીના બંધકોને મુક્ત કરવા દબાણ કરવા માટે આ વિસ્તાર પર કબજો કર્યો હતો. હમાસે પણ ઈઝરાયલના હુમલાનો જવાબ આપ્યો છે અને ઈઝરાયલ પર ઝડપી હુમલાઓ પણ કર્યા છે.

# મહારાષ્ટ્રમાં ૭૨ મસ્જિદો સામે ફરિયાદ નોંધાવતા પૂર્વ સાંસદ કિરીટ સોમૈયા

મુંબઈ,તા.૦૭



તાજેતરમાં મહારાષ્ટ્રમાં, સીએમ દેવેન્દ્ર ફડણવીસે ધાર્મિક સ્થળોએ નિર્ધારિત ડેસિબલ મર્યાદામાં લાઉડસ્પીકર વગાડવાની વાત કરી હતી. જો આમ નહીં કરવામાં આવે તો પરવાનગી રદ કરવામાં આવશે તેવી ચેતવણી આપવામાં આવી હતી. આ સૂચના પછી ઘણા નિવેદનો બહાર આવ્યા છે. આ સંદર્ભમાં, હવે ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ મુંબઈના માનખુર્દ ગોવંડીની ૭૨ મસ્જિદો સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ બાબતે ભાજપ નેતા કિરીટ સોમૈયાએ કહ્યું કે ૫ એપ્રિલે મેં ગોવંડીના શિવાજી નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે ૭૨ મસ્જિદો પર અનધિકૃત લાઉડસ્પીકર લગાવવામાં આવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે આ લાઉડસ્પીકરો કોઈપણ કાનૂની પરવાનગી વિના સ્થાપિત કરવામાં આવ્યા છે, જે જાહેર સ્થળોએ અવાજ નિયંત્રણ સંબંધિત નિયમોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. પોલીસે પણ આ વાત સ્વીકારી અને અમે માંગ કરી છે કે મસ્જિદો પર ગેરકાયદેસર લાઉડસ્પીકર લગાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવે. ગેરકાયદેસર રીતે લાઉડસ્પીકર વગાડવું, મુંબઈ હાઈકોર્ટના નિર્ણયનું પાલન ન કરવું, મુંબઈમાં આ સહન કરવામાં આવશે નહીં. દરરોજ લાઉડસ્પીકર જોરશોરથી વગાડવામાં આવી રહ્યા છે. લાઉડસ્પીકરની પરવાનગી પણ લેવામાં આવતી નથી.




## હીટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?

### આટલું કરો

- તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો

### આટલું ન કરો

- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો

### લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર

- જો કોઇ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઇ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઇ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઇ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઇ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી

**સચેત રહો, સુરક્ષિત રહો**



હેલ્પલાઇન નંબર-૧૦૭૭

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં જારી


ધારાસભ્ય મહેશ કસવાળાએ શરૂ કરેલી ઝુંબેશને બહોળો પ્રતિસાદ

# સા.કુંડલામાં યુસીસીના સમર્થનમાં ૧૦ હજારથી વધુ ફોર્મ ભરાયા

સાવરકુંડલા, તા.૦૭



સા.કુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની સૂચના મુજબ રામનવમી શોભાયાત્રા પર જુદી જુદી ચાર જગ્યા પર UCC ને સમર્થન આપવા લોકોએ પોતાનું મંતવ્ય રજૂ કર્યા હતા. સાથે UCC લાગુ થાય તેવા હેતુસર કાર્યકર્તા દ્વારા ઝુંબેશ ઉઠાવવામાં આવી હતી. સમાન સિવિલ કોડ માટે નાગરિકો પાસેથી અભિપ્રાયો જાણવા તેમજ આ અંગે નાગરિકોમાં જાગૃતિ ફેલાય તે માટે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ અંગે હાકલ કરતા આ અભિયાનનો અટલધારા કાર્યાલયથી પ્રારંભ કરવામાં આવ્યો હતો બાદમાં આ હાકલને સામાજિક સંગઠનોએ સ્વીકારી સાવરકુંડલા શહેરમાં રામનવમીની શોભાયાત્રામાં જુદી જુદી ચાર જગ્યાએ વિશ્વ હિન્દુ મહાસભા દ્વારા રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે, શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ સમિતિ દેવળા ગેટ ખાતે, ભગતસિંહ યુવા ગ્રુપ દ્વારા મેલડી ચોક જયશ્રી ટોકીઝ પાસે તેમજ શહેર ભાજપ સંગઠનની ટીમ દ્વારા મણીભાઈ ચોક ખાતે આ સમાન સિવિલ કોડ (UCC)ના ફોર્મ ભરવામાં આવ્યા હતા તેમજ કલમ ૪૪માં ભારતના સમગ્ર ક્ષેત્રમાં નાગરિકોને એક સરખો દીવાની કાયદો જેવા કે લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, ધર્મ આધારિત કાયદાઓ, સ્ત્રી અને પુરુષો માટે સમાન મિલકત અધિકારો તેમજ ભરણપોષણની જોગવાઈઓ આ કાયદામાં છે આવા અલગ અલગ ૧૩ મુદ્દાઓને લઈ સાવરકુંડલા શહેરની સામાન્ય જનતાઓના અભિપ્રાયો તેમજ સૂચનો લેવામાં આવ્યા હતા જે અંતર્ગત સાવરકુંડલા શહેરમાં ૧૦૦૦૦થી વધુ લોકોએ આ ફોર્મ ભરી અને સુપ્રત કર્યા હતા.

## સુરતમાં કાળઝાળ ગરમીને કારણે યુવકના મોતથી અરેરાટી

સુરત,તા.૦૭

સુરત સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમીએ કેર વર્તાવવાનું શરૂ કરી દીધું છે. ત્યારે છેલ્લા બે દિવસમાં સુરતમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. વધતી જતી ગરમીના લીધે લોકોને ઝાડા-ઉલટી અને લૂ લાગવાની સમસ્યાઓ વધી ગઈ છે. ત્યારે સુરતના પાલનપુરમાં એક યુવકનું ગરમીના લીધે મોત નિપજ્યું છે. યુવકને બે દિવસથી ઝાડા-ઉલટી થતાં તબિયત ખરાબ થઈ હતી, ત્યારે આજે ઝાડા-ઉલટીના લીધે યુવકનું મોત નિપજ્યું છે.

# દીવનો કિલ્લો જોવા માટે પ્રશાસને ચાર્જ લેવાનું શરૂ કરતા પ્રવાસીઓમાં રોષ

દીવ,તા.૦૭

દીવ પ્રશાસન દ્વારા કિલ્લામાં પ્રવેશ માટે ચાર્જ લેવાનું શરૂ કર્યું છે, ત્યારે ૧૫ વર્ષથી મોટી ઉંમરના ભારતીય મુલાકાતીઓને ૧૦૦ રૂપિયા અને વિદેશના પ્રવાસીઓને ૨૦૦ રૂપિયા પ્રવેશ ચાર્જ ચૂકવવો પડશે. જ્યારે બાળકો માટે રૂ.૭૫ ટિકિટ ફી રાખવામાં આવી છે. બીજી તરફ, દીવના કિલ્લાની મુલાકાતે આવતા અનેક પ્રવાસીઓ કિલ્લાની સુવિધા અને ટિકિટની વ્યવસ્થાને લઈને અનેક સવાલો કરી રહ્યા છે. પ્રવાસીઓનું કહેવું છે કે, કિલ્લામાં પ્રવેશ્યા બાદ ત્યાં પાણી સહિતની વ્યવસ્થા નથી. જ્યારે કિલ્લામાં પ્રવેશવા માટે લેવામાં આવતા ટિકિટના રૂપિયા માત્ર રોકડ મારફતે જ લેવામાં આવે છે અને ટિકિટનો ચાર્જ પણ વધારે છે. જ્યારે ડિજિટલી પેમેન્ટ-ચાર્જ સ્વીકારવામાં ન આવતું હોવાથી અનેક મુલાકાતીઓ કિલ્લાને નિહાળ્યા વગર જ જતાં રહેતા હોવાનું સામે આવ્યું છે. દીવનો ૪૦૦ વર્ષ જૂનો કિલ્લો જોવા માટે દુનિયાભરના પ્રવાસીઓ આવે છે, ત્યારે દીવ પ્રશાસન દ્વારા કિલ્લાનું રિનોવેશન કરવામાં આવી રહ્યું છે.

# અમરેલીમાં ૪૨ ડિગ્રી તાપમાન સાથે રાજયમાં બોકાસો બોલાવતી ગરમી

અમદાવાદ,તા.૦૭

એપ્રિલ મહિનો શરૂ થતાં જ ગરમીએ કરંટ બતાવવાનું શરૂ કરી દીધું છે. ગુજરાતમાં ગરમીનો પારો રોજેરોજ ઊંચો જઈ રહ્યો છે. અત્યારે એ હાલ છે કે દેશમાં સૌથી વધુ ગરમી ગુજરાતમાં પડી રહી છે. રવિવારે કંડલા એરપોર્ટ પર દેશમાં સૌથી વધુ ૪૫.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. રવિવારે ૧૧ શહેરમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. ૪૪.૨ ડિગ્રી સાથે સુરેન્દ્રનગર શહેર વધુ એકવાર અગનભઠ્ઠી બની ગયું હતું. અમદાવાદમાં પણ તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચ્યું હતું. આજે પણ હવામાન વિભાગ દ્વારા ૧૦ શહેરમાં આકરી ગરમીની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં આજે સતત ત્રીજા દિવસે ગરમીનું રેડ એલર્ટ જાહેર કરાયું છે. જે મુજબ ૦૮ એપ્રિલ સુધી કચ્છમાં સિવિયર હીટવેવ યથાવત રહેશે.ઉતર ગુજરાતમાં પણ આગામી ૦૪ દિવસ હીટવેવ યથાવત રહેશે. જયારે છેલ્લાં બે દિવસથી અમરેલીમાં ૪૨ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ હતું.

# જામનગરમાં પ્રેમીને પામવા પત્નીએ પતિને મોતને ઘાટ ઉતાર્યો

જામનગર, તા.૦૭

જામનગરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પરિણીત મહિલાએ પોતાના પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતું. પત્નીએ પ્રેમીને ટીપ આપીને બુલેટસવાર પતિને મોતને ઘાટ ઉતાર્યો હતો, આ ઘટના વિજરખી ડેમ નજીક બની હતી. રવિવારે સાંજે રવિ તેના બુલેટ મોટરસાઈકલ પર કાલાવડ જવા નીકળ્યો હતો. રીંકલ પાસે આ માહિતી હતી અને તેણે આ જાણકારી અક્ષયને આપી હતી. અક્ષય તેની જીપ કમ્પાસમાં રવિનો પીછો કરવા લાગ્યો હતો. વિજરખી ડેમ નજીક સાંજે પોણા પાંચ વાગ્યે અક્ષયે પોતાની કારથી રવિના બુલેટને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રવિને માથા અને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃતક રવિ ધીરજલાલ મારકણા (ઉંમર ૩૦)ની પત્ની રીંકલને અક્ષય છગન ડાંગરીયા સાથે પ્રેમ સંબંધ હતો.


સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો

કુવાના આડા બોર

૩ ઈંચ થી ૪॥ - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો

ટાઈગર બોરવેલ

પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪